VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY SURAT
60 YEARS CELEBRATION
SINCE 1965

**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન
**Dakshinayan e-Newsletter**
For Private Circulation Only

**Vol. 15, Issue. 264, August 2024**

**પ્રિય વાચક મિત્રો,**

આપણી રાષ્ટ્રીય પરંપરામાં ચારિત્ર્યને હંમેશાં સૌથી વધારે મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. ચારિત્ર્યને બે બાજુઓ છે : એક તેની અંગત બાજુ, અને આપણા સમાજ સાથેના સંબંધોમાં પ્રગટ થાય છે તે બીજી બાજુ. આપણા ચારિત્ર્યનાં આ બન્ને પડખાં પવિત્ર અને નિષ્કલંકિત હોવાં જોઈએ. વર્તમાનમાં આપણે લોકોને એવું કહેતાં વારંવાર સાંભળીએ છીએ કે વ્યક્તિ તેના જાહેરજીવનમાં સારી રીતે કામ કરતી હોય તો પછી તેના અંગત ચારિત્ર્ય સામું આપણે શા માટે જોવું ? સંભવ છે કે તે માણસમાં કેટલાક દુર્ગુણો હોય, પણ જ્યારે તે સમાજનું હિત સાધે છે ત્યારે આપણે તેના અંગત જીવનને શા માટે ખુલ્લું પાડવું ?

આપણી સંસ્કૃતિએ તો અંગત જીવનની વિશુદ્ધિને હંમેશાં ઊંચું સ્થાન આપ્યું છે. આપણે એવા માણસને કદી તત્વજ્ઞાની કે શાણો કહ્યો નથી કે જે સ્વાર્થી હોય કે પછી વ્યસનના દોષોમાં લપેટાયેલો હોય. આપણે માટે તો તત્વજ્ઞાની એટલે બીજી બધી બાબતો કરતાં, એવો માણસ કે જે નિતાન્ત શુદ્ધ હોય અને ચારિત્ર્યની નીતિમત્તાને વરેલો હોય. પ્રાચીન કાળના દષ્ટાઓથી પ્રારંભીને તે અદ્યાપિ પર્યતના આપણા મહાનુભાવો કે જેમને આપણે આપણા તત્વચિંતનના અને આપણી સંસ્કૃતિના જ્યોતિર્ધરો માનીએ છીએ. તે બધા જ પૂરેપૂરા પવિત્ર પુરુષો હતા. તેમના વિચારો, તેમની વાણી, તેમનાં કાર્યો એ બધું જ ઉચ્ચતમ સત્યો સાથે સુસંગત હતું. આપણા રાષ્ટ્રીય વારસાના ઉજ્જવળ દષ્ટાંતારૂપ કેવળ આવા જ માણસો રહ્યા છે. પ્રવર્તમાન સમયમાં જાહેર જીવનમાં કાર્ય કરી રહેલા માણસોમાં આવા વ્યક્તિઓ બહુ ઓછા મળે છે. એવા કેટલાય માણસો છે કે જે તેમના અંગત ચારિત્ર્યમાં અધઃપતિત હોવા છતાં પણ સમાજમાં સ્વીકૃત થયેલા હોય છે. સાધનો એ તો એક પાત્ર યા વાસણ જેવાં છે. પાત્ર જો ગંદુ અને રોગના જંતુઓવાળું હોય, તો પછી તે પાત્રમાંના પાણી સાથે ચેપ આપણા દેહમાં પ્રવેશ કરશે. એટલા માટે એ અગત્યનું છે કે પાણી જેટલું જ પાત્ર પણ સ્વચ્છ હોવું જોઈએ.

આપણી સંસ્કૃતિ તો કહે છે કે આપણું સાધન સામાજિક હિતના આદર્શને સિદ્ધ કરવા માટેનું આપણું સાધન – વ્યક્તિ તે પણ શુદ્ધ અને પવિત્ર હોવું જોઈએ. ઘણી વાર માણસોને એવું કહેતા સાંભળીએ છીએ કે સાધ્ય જ સાધનોનું વાજબીપણું નક્કી કરી આપે છે. તેનો અર્થ એ થયો કે કોઈ પણ સામાજિક પરિવર્તન સાધવા માટેના સાધન 'વ્યક્તિ'ને, પાછળ ધકેલી દેવામાં આવે. તેથી તો દુનિયામાં બધે જ, ભયાનક ઝડપે આપણે માનવીનું અધઃપતન થતું જોઈ રહ્યાં છીએ. મુખ્યત્વે જાહેર જીવનના આદર્શેલા હેતુઓ સિદ્ધ કરવા માટે માનવીય મૂલ્યોને ધૂત્કારી કાઢવામાં આવતાં હોય છે. આપણી સંસ્કૃતિનો આદેશ જુદો જ છે. આપણે રામ કે શિવાજીને તેમની દીપ્તિમંત રાષ્ટ્રીય સિદ્ધિઓ માટે તેમજ તેમના પવિત્ર અને અનિંદનીય અંગત ચારિત્ર્ય માટે સન્માનીએ છીએ. કોઈ પણ વ્યક્તિ જાહેરજીવનમાં બરાબર કામ કરે ત્યાં સુધી તેના અંગત ચારિત્ર્યમાં રહેલા કોઈ નાના દોષની ઉપેક્ષા કરવી જોઈએ કે તેને સહી લેવો જોઈએ એવો દષ્ટિકોણ આપણી મૂળગત ધારણાનો વિરોધી છે.એ સાચું છે કે બે અનિષ્ટો વચ્ચે પસંદગી કરવી અનિવાર્ય થઈ પડે ત્યારે સામાજિક હિતને બાધક ન હોય તેવી અંગત ચારિત્ર્યની કેટલીક ઊણપોને આપણે સહી લીધી છે. પરંતુ તેને કદી વાજબી લેખી નથી. આખરે લાંબા ગાળે દૂષિત સાધનો કદી સારાં પરિણામો હાંસલ કરી શકે નહિ. કયારેક ખરાબ સાધનો પણ સારાં પરિણામો સાધી આપતાં લાગે ત્યારે ય તે ક્ષણિક કે કામચલાઉ હોય છે.

સાચું રાષ્ટ્રીય શીલ આવું છે. સતત પુરુષાર્થ કરતાં રહી, આપણા જીવનમાં આપણે તેને ખીલવીએ, સ્વાર્થ કે અપેક્ષાની જરા સરખી પણ વૃત્તિ વિના, સમગ્ર સમાજ પ્રત્યે અઢળકપણે વચ્ચે જતા પવિત્ર પ્રેમભર્યા અંતરે આપણે રાષ્ટ્રની સેવામાં લાગી જઈએ.

આથી અવિચળ અને અશેષ વ્યક્તિ પ્રાપ્ત કરવાની આપણે આમન્યા રાખી તેને માટે પ્રયત્નશીલ બનીએ. આપણો ભક્તિભાવ એવો હોય કે જે આપણી બુદ્ધિ અને અતવૃત્તિની સામાન્ય સપાટીથી ઊંચો ઊઠી, આપણા અસ્તિત્વના સ્વમાં પ્રવેશી જાય. પવિત્ર ભક્તિના શાંત, ગહન અને અખંડ પ્રવાહને આપણા સમગ્ર અસ્તિત્વમાં પ્રસરી જવા દો. બધી મહાન જિંદગીઓનો અંગુલિ નિર્દેશ આ એક જ દિશા તરફ છે – તે દિશા એકનિષ્ઠાયુક્ત ભક્તિની છે. પ્રગાઢ ભક્તિભાવયુક્ત પુરુષ પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટેની અસાધારણ શક્તિઓને વિકસાવતો રહે છે. એક સામાન્ય કારીગર પણ પોતાના કામને ચાહતો અને સન્માનતો હોય છે ત્યારે તે ઉત્તમ નિર્માણ કરે છે. કલાકાર તેની ચરમ ભૂમિકાને ત્યારે જ સ્પર્શે છે કે જયારે તેના કદગત ચિત્રના આલેખનમાં તે પોતાની જાતને પણ વિસારે પાડે છે. રાષ્ટ્રની ભક્તિના પંથે પરિપૂર્ણ એકાગ્રતાના આવા ભાવને આપણે વિકસાવીએ અને આપણી જિંદગીને બધા જ અર્થમાં સંગીન ચારિત્ર્યના જીવંત ઉદાહરણ સ્વરૂપ બનાવીએ. એજ આજના સમયની તાતી જરૂરીયાત છે.

**તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના નેતૃત્વમાં તા. ૧૫/૦૮/૨૦૨૪ એટલે કે સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૦૮:૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદહસ્તે વિશ્વવિદ્યાલય પરિસરના પર્વમંચ ખાતે કરવામાં આવ્યો હતો. આઝાદ ભારતના આ રાષ્ટ્રીય ધ્વજવંદનના કાર્યક્રમમાં બોર્ડ ઓફ મેનજમેન્ટના સભ્યશ્રીઓ, એક્ઝિક્યુટિવ કાઉન્સીલના સભ્યશ્રીઓ, અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, વહીવટી કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ- વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહીને આપણા રાષ્ટ્રીય પર્વને ઉત્સાહભેર ઉજવ્યો હતો.

માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના વરદહસ્તે ધ્વજવંદન કર્યા બાદ રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ- વિદ્યાર્થીનીઓ દ્વારા પરેડ કરવામાં આવી હતી. ત્યારબાદ ભારતમાતાની આરતી કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજનાના ડાયરેકટર ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દિક અને પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કુલસચિવશ્રી દ્વારા સ્વતંત્ર પર્વ અનુરૂપ ઉદ્‌બોધન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કુલપતિશ્રી દ્વારા રાષ્ટ્રના વિકાસમાં યુવા શકિતની ભૂમિકા વિશે, દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોને યાદ કર્યા હતા તથા પર્યાવરણ પર ભાર મુકીને ઉપસ્થિત સૌને સંબોધિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમને આગળ વધારતા સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત ગણેશવંદના દ્વારા કરવામાં આવી હતી. સંસ્કૃતિક કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલય પરિસરના વિદ્યાર્થીઓ તથા વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓએ દેશભકિત ગીતો અને નૃત્યો દ્વારા ભાવનાત્મક અને રોમાંચક પ્રદર્શન કર્યું, જે ઉપસ્થિત દર્શકોને દેશભકિતની ભાવનાથી ભરપૂર કરી દીધા. વકતૃત્વ કલા દ્વારા, વિદ્યાર્થીઓએ વિવિધ સામાજિક અને રાષ્ટ્રીય મુદ્દાઓ પર તેમના મૌલિક વિચારો રજૂ કર્યા, જેનાથી તેમની અભિવ્યકિતની કુશળતા પ્રગટ થઈ. આ ઉપરાંત કરાટેના રોમાંચક પ્રદર્શન સાથે, વિદ્યાર્થીઓએ શારીરિક ક્ષમતા અને આત્મવિશ્વાસનું પ્રદર્શન કર્યું, જે દર્શકો માટે ખૂબ જ પ્રેરણાદાયક અને મનોહર રહ્યું. આ કાર્યક્રમમાં ભાગ લેનારા દરેક વ્યકિતએ સંસ્કૃતિક અને રાષ્ટ્રીય ગૌરવની ઝલક જમાવી, જેનાથી સમગ્ર માહોલ ભવ્ય અને પ્રભાવશાળી બન્યો હતો.

વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજનાના ડાયરેકટર ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા ઉપસ્થિત સૌનો આભાર માનવામાં આવ્યો હતો અને પરેડ તથા સંસ્કૃતિક કાર્યક્રમમા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીના હસ્તે સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.















## પપમો ખાસ પદવીદાન સમારંભ

વીર કવિ નર્મદજીની ૧૯૧મી જન્મજયંતી નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો પપમો ખાસ પદવીદાન સમારંભ તા. ૨૪/૦૮/૨૦૨૪, શનિવારના રોજ સંજીવકુમાર ઓડિટોરિયમ, પાલ સુરત ખાતે યોજાયેલ હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, અતિથિ વિશેષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિશ્રી ડૉ. રમેશચંદ્ર કોઠારી પદવીદાન સમારંભમાં જોડાયા હતા સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇ.ચા.કુલસચિવશ્રી નરેન્દ્રભાઈ પટેલ, પરીક્ષા નિયામકશ્રી અરવિંદભાઈ ધડુક, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓ તેમજ વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓ મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. આ પદવીદાન સમારોહમાં સ્વાગત પ્રવચન પરીક્ષા નિયામકશ્રી અરવિંદભાઈ ધડૂકે કર્યું હતું તથા આ પદવી સમારોહમાં પ્રસંગ અનુરૂપ દિક્ષાંત પ્રવચન ભૂતપૂર્વ કુલપતિશ્રી ડૉ. રમેશચંદ્ર કોઠારીએ કર્યું હતું. પપમાં ખાસ પદવીદાન સમારંભ કુલ ૩૯૬૬૬ વિદ્યાર્થીઓને પદવી એનાયત થનાર છે જેમાંથી પીએચ.ડી.ના ૪૨, એમ.ફીલ.ના ૪ મળી કુલ ૪૬ વિદ્યાર્થીઓને આજ રોજ પદવી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા તથા ૦૧ મેડલ ૦૨ વિદ્યાર્થીઓને પ્રાઈઝ પદવી સમારોહમાં એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ અધ્યક્ષીય પ્રવચન કર્યું હતું તથા શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ પ્રાસંગિક પ્રવચન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ એમ.એ.પોલીટીકલ સાયન્સ (એકસર્નલ) વિષયમાં અભ્યાસ પૂર્ણ કર્યો હોય, તેઓને વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિશ્રી અને શિક્ષણશાસ્ત્રી ડૉ. રમેશચંદ્ર કોઠારીના હસ્તેપદવી એનાયત કરવામાં આવી હતી જે આપણી વિશ્વવિદ્યાલય માટે ખૂબ જ ગૌરવની વાત છે.

જ્યારે બાકી રહેતા વિદ્યાર્થીઓના વિવિધ વિદ્યાશાખાના પદવી પ્રમાણપત્રો વહેંચણી અંગેનો કાર્યક્રમ નજીકના દિવસોમાં વિશ્વવિદ્યાલયની વેબસાઈટ www.vnsgu.ac.in પર મુકવામાં આવશે. જેની વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.










VEER NARMAD




VEER NARMAD






VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT




SGU
SURAT
VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT


VNSGU







## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કર્મચારીઓને ફાયર સેફટી સંદર્ભે જાગરૂકતા અંગે તાલીમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કર્મચારીઓને તા. ૦૬/૦૮/ ૨૦૨૪ના રોજ ફાયર અને સેફટી જાગરૂકતા અંગે તાલીમ આપવામાં આવી હતી. તાલીમમાં શ્રી સુરજભાઈ પટેલ અને અન્ય તજજ્ઞશ્રી દ્વારા વિગતે સમજ આપવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ છે કે કર્મચારીઓને આગથી બચવાની અને તાત્કાલિક સ્થિતિમાં કરવાનાં પગલાંઓ અંગે સમજ આપવી. આ તાલીમ સત્રમાં આગ લાગવાની સંભાવનાઓ, આગને નિયંત્રિત કરવાની રીતો અને આકસ્મિક બચાવ પદ્ધતિઓ અંગે માહિતી આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન કર્મચારીઓને ફાયર એકિંસ્ટગ્વિશર્સનો યોગ્ય ઉપયોગ, ધુમાડાથી બચવાની રીતો, હવાની દિશા અને ફાયર એલાર્મ સિસ્ટમની કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ તાલીમ કાર્યક્રમથી કર્મચારીઓની સુરક્ષા જાગૃતતા વધશે અને તેઓ આગ જેવી આપત્તિઓ દરમિયાન વધુ સજાગ અને સક્ષમ બનશે. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા વહીવટી અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ તાલીમમાં જોડાયા હતા.





## 'નારી વંદન ઉત્સવ–૨૦૨૪' અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે 'મહિલા સ્વરોજગાર મેળાનું' આયોજન






વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'નારી વંદન ઉત્સવ ૨૦૨૪' અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે વિશ્વવિદ્યાલયના રાજચંદ્ર હૉલ ખાતે 'મહિલા સ્વરોજગાર મેળા'નું આયોજન કરાયું હતું. જેમાં રોજગારી પ્રદાન કરતી ૮ કંપનીઓ અને રોજગાર વાંચ્છુક ૩૭૩ મહિલા ઉમેદવારોએ ભાગ લીધો હતો. જેમાં ૧૧૮ ઉમેદવારોની સ્થળ પર જ પ્રાથમિક પસંદગી કરાઈ હતી. આ

પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ મહિલાઓને પોતાની કળા પારખી પસંદગી અનુસાર રોજગાર કરવા અને આત્મનિર્ભર બનવા હિમાયત કરી હતી. તેમણે વિશ્વવિદ્યાલયમાં ચાલતા ૫૦૦થી વધુ સ્કીલ કોર્સિસ વિશે માહિતી આપી હતી. જે ૧૨ વર્ષની ઉંમરથી વધુના કોઈ પણ વ્યકિત શીખી શકે અને તેના દ્વારા નવો વ્યવસાય શરૂ કરી શકે કે ચાલુ વ્યવસાયમાં નવી તકો ઊભી કરી શકે.

રોજગાર કચેરીના ડિસ્ટ્રિકટ કરિયર કાઉન્સેલર બિપિન માંગુકિયાએ રોજગાર કચેરી દ્વારા ઉમેદવારોને મળતી નોકરી કે સ્વરોજગારની તકો કે એ અંગેના માર્ગદર્શન વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. સાથે જ રોજગાર વાંચ્છુકોને સરકારની યોજનાઓ વિશે માહિતી આપી તેના લાભ લેવા જણાવ્યું હતું. તેમણે રોજગાર કચેરી દ્વારા અવારનવાર કરાતા રોજગારી મેળા, સેકટર સ્પેસિફિક ભરતી મેળા, મહિલાઓ અને દિવ્યાંગો માટે થતા ભરતી મેળા, અંતરિયાળ ગામોમાં થતા ભરતી મેળા તેમજ અનુબંધમ પોર્ટલની જાણકારી આપી હતી. ઉમેદવારોને નેશનલ કેરિયર સર્વિસ પોર્ટલ પરથી મળતી કરિયર ઈન્ફોર્મેશનની માહિતીનો ઉપયોગ કરી કરિયર માટેના ચોકકસ લક્ષ્ય સાથે આગળ વધવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં હાજર પેનલ એડવોકેટ દિનેશ લીંબાચિયાએ શ્રમિક મહિલાઓને તેમના અધિકારો વિશે માહિતગાર કર્યા હતા. જેમાં ગર્ભાવસ્થા દરમિયાનની રજાઓ, શારીરિક કે માનસિક શોષણ સામેના કાયદાઓ, સમાન વેતન અધિકાર, કામકાજના સ્થળે યોગ્ય વાતાવરણ, શિફ્ટ અનુસાર કામ કરવાના સ્થળે સુરક્ષા જેવા કામ કરતી મહિલા કામદારોના અધિકારો વિશે જાણકારી આપી હતી.

મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી નિમિત્તે મહાનુભાવોના હસ્તે ઔદ્યોગિક ક્ષેત્રે સારી કામગીરી રહેલી મહિલાઓનું મોમેન્ટો દ્વારા સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં મહિલા અને બાળ અધિકારીશ્રી રાધિકાબેન ગામીત, દહેજ પ્રતિબધક અધિકારીશ્રોઓ કે.વી.લકુમ અને ડી.પી.વસાવા, ડિસ્ટ્રીકટ મિશન કૉ–ઓર્ડિનેટરશ્રી સ્મિતાબેન પટેલ, રોજગાર કચેરીના પ્લેસમેન્ટ ઓફિસર મિતેષભાઈ અને દર્શનભાઈ પુરોહિત, જિલ્લા ઉધોગ કેન્દ્રના દિપાલીબેન ખડિયા અને તેજલબેન, મહિલા સુરક્ષા સમિતિના સભ્યો, પીબીએસસીના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 'Unleashing Innovations for and from the Grassroots' સત્રનું આયોજન









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત ઇન્કયુબેશન સેન્ટર, ઈન્સ્ટીટયુશન ઇનોવેશન કાઉન્સિલ, આઇડિયા એન્ડ ઇનોવેશન સેલ અને SSIP દ્વારા તા. ૧૨/૦૧ ૨૦૨૪ના રોજ "Unleashing Innovations for and from the Grassroots" સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, SSIP અને SECના કૉ–ઓર્ડિનેટર ડૉ. પરેશ પારેખ, સત્રના મુખ્ય વકતાશ્રી અનીલ ગુપ્તા તથા થીમ સ્પીકર ડૉ. અનામિકા ડે. વિશ્વવિદ્યાલયના અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સત્રનો મુખ્ય હેતુ ગ્રાસરૂટ લેવલ પરના લોકો અને તેમના રોજિંદા જીવનના અનુભવોમાંથી નવીનતાઓને શોધવા અને તેને મજબૂત બનાવવા માટે છે. આની, સાથે એ પણ મહત્વનું છે કે તેમના મનોવિજ્ઞાન, પરંપરા અને સ્થાનિક જ્ઞાનને માન્યતા આપવી, જેથી તેઓ પોતાની સમસ્યાઓના સ્વતંત્ર અને સ્વાદિષ્ટ ઉકેલ શોધી શકે.

મુખ્ય વકતાશ્રી અનીલ ગુપ્તા ૨૦૧૭માં નિવૃત્ત થયા પછી CMA, ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદમાં મહેમાન પ્રાધ્યાપક તરીકે કાર્યરત છે. તેઓએ

આઈઆઈટી બોમ્બે, NIPER-A, અને AcSIRમાં પણ શિક્ષણ આપ્યું છે. તેઓ હની બી નેટવર્ક, નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન, SRISTI, અને GIANના સ્થાપક છે. તેમના સત્ર દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, જે લોકોની પાસે અમૂલ્ય જ્ઞાન છે, જે પરંપરાગત જ્ઞાન અને અનુભવને આધારે જીવન વિતાવે છે, તેમના વિચારોને માન્યતા આપવી એ આપણી ફરજ છે. એક સમયે જો આ લોકોના વિચારો અને નવીનતાઓને મુકત અને વિસ્તૃત કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો આ માનવજાત માટે શ્રેષ્ઠતમ ઉકેલો આપી શકે છે. આપણા દેશની ભવિષ્યની પ્રગતિ તે જ સમયની છે, જ્યારે આપણે પાયાના સ્તરે નવીનતાઓને માન્યતા આપીને, તેનો ઉત્તમ રીતે ઉપયોગ કરીશું. તેમણે સત્ર દરમિયાન વિદ્યાર્થીઓને અપલોડ ટુ ડાઉનલોડના ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા અને વિદ્યાર્થીઓના મનમાં શું ચાલી રહ્યું છે અને શું આઈડિયાઝ છે તે દુનિયાને જણાવવું જેથી તે સમાજને આગળ વધારવામાં મદદ કરે જેવી અનેક વાતોથી વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

ડૉ. અનામિકા ડે તેઓ હાલમાં ગુજરાત ગ્રાસરૂટ્સ ઇનોવેશન ઓગમેન્ટેશન નેટવર્ક (GIAN)ના CEO તરીકે કાર્યરત છે અને IIM અમદાવાદમાં પ્રાધ્યાપક તરીકે તાલીમ આપે છે. અનામિકાએ UNDP એક્સેલેરેટર લેબ્સને વૈશ્વિક સ્તરે મૅપિંગ સોલ્યુશન્સમાં માર્ગદર્શન આપ્યું છે અને GIANSTREના સહ-નિર્દેશક તરીકે પણ સેવા આપી છે. તેમની પીએચ.ડી. સંશોધન કૃષિ ક્ષેત્રે જળવાયું પરિવર્તન સામે સહનશીલતા પર કેન્દ્રિત છે. તેઓએ અનેક આંતરરાષ્ટ્રીય વર્કશોપમાં નિષ્ણાંત તરીકે ભાગ લીધો છે અને હની બી ન્યૂઝલેટરના સહ-સંપાદક તરીકે પણ યોગદાન આપ્યું છે. તેમના સત્ર દરમ્યાન તેમના દ્વારા વિદ્યાર્થીઓમાં ઇનોવેશનની પ્રેકિટકલ સમજણ આપવા એક પ્રવૃત્તિ આપવામાં આવી હતી. જેમાં દરેક વિદ્યાર્થીઓએ પોતાની આસપાસ રહેલ પ્રોબ્લેમનું સોલ્યુશન આપતું ઇનોવેશન જણાવવાનું હતું. સૌથી શ્રેષ્ઠ અને ઇનોવેટિવ આઈડિયા માટે તેઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને કેટલાક ઉદાહરણો દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત તેઓ દ્વારા આયોજિત સ્પર્ધામાં ભાગ લેવા પણ પ્રોત્સાહન આપ્યું હતું.

## યુનિવર્સિટી ઓફ સિડની, ઓસ્ટ્રેલિયામાં રિસર્ચ કરનાર ભારતીય મૂળના મિલિન્દ ઓઝાની સંશોધન અર્થે કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાની મુલાકાત




તા. ૧૨/૦૮/૨૦૨૪ના રોજ યુનિવર્સિટી ઓફ સિડની, ઓસ્ટ્રેલિયામાં રિસર્ચ કરનાર ભારતીય મૂળના મિલિન્દ ઓઝા, જેઓ ડૉ. સલવાતોર બેબોન્સ હેઠળ "વીર સાવરકર ઉપર હિન્દત્વના સમર્થક અને સ્વાતંત્ર સંગ્રામમાં તેમનું યોગદાન" વિષય પર પીએચ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે તેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડાની મુલાકાત અને તેમના વિષયની માહિતી મેળવવા આવ્યા હતા. કુલપતિશ્રી દ્વારા સંશોધક શ્રી ઓઝાની સાથે સંશોધન ક્ષેત્રે અને શિક્ષણના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી. કુલપતિશ્રી દ્વારા તેમનો અને સાથે આવેલા નીતિન ઓઝા અને તેજેષ પટેલનું અભિવાદન કરીને જરૂરી માહિતી અને રેફરેન્સ આપીને સમાજશાસ્ત્ર વિભાગ તેમજ ગ્રંથાલયની મુલાકાત ગોઠવી આપી હતી અને ત્યાંથી તેઓએ ઘણી ઉપયોગી માહિતીઓ પ્રાપ્ત કરી હતી તે બદલ કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવીનો આભાર વ્યકત કર્યો હતો.

## રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા 'સેવા હી સાધના-૨૦૨૪'વિષય પર એક દિવસીય કાર્યશાળા

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા એન.એસ.એસ.સંલગ્ન જુદી જુદી ૧૦૦ જેટલી કૉલેજોમાં કાર્યરત ૧૯૦ પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ માટે એક દિવસીય કાર્યશાળા 'સેવા હી સાધના ૨૦૨૪'નું આયોજન ચાણકય હોલ, એચ.આર.ડી. વિભાગ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત ગુજરાત રાજયના સન્માનનીય અને આદરણીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને એન.એસ.એસ.ના ડાયરેકટરશ્રી ડૉ. પ્રકાશચંદ્રએ વૃક્ષારોપણ કર્યુ સાથો સાથ 'એક પેડ માં કે નામ' અભિયાનનું આહવાન કર્યુ હતું.

આ કાર્યશાળામાં મુખ્ય અતિથિ અને મહેમાન તરીકે માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાંશેરીયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ ઉદ્ઘાટન સત્રની શરૂઆત માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના પ્રાસ્તાવિક સ્વાગત પ્રવચન દ્વારા કરવામાં આવી હતી. કુલપતિશ્રીએ રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા થતા કાર્યોના ખૂબ વખાણ કર્યા હતા અને વધુ વેગથી કામ થાય તે માટે પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને આહવાન કર્યુ હતું. ડૉ. પ્રકાશચંદ્ર જ્યારથી એન.એસ.એસ.નો વિભાગનો ચાર્જ લીધો છે ત્યારથી જ એન.એસ.એસ. વિભાગનું કાર્ય ખૂબ જ ગતિથી આગળ વધી રહ્યું છે તેવું તેમણે જણાવ્યું હતું. 'સેવા હી સાધના' વિષય પર શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાંશેરિયા એ ખૂબ જ ઊંડાણપૂર્વક સમજાવ્યું હતું. સેવા એ જીવનની સુગંધ છે અને તેના દ્વારા પણ સમાજ અને રાષ્ટ્ર સેવા કરી શકાય છે સાથે શિક્ષકો યુવાઓને સેવાના માધ્યમથી રાષ્ટ્રકાર્ય સાથે જોડે તે પણ રાષ્ટ્રીય કાર્ય અને કર્તવ્ય છે આ વિષય પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડયું હતું. માનનીય મંત્રીશ્રીના સત્રએ તમામમાં ખૂબ ઉર્જા ભરી દીધી હતી.

ત્યારબાદ એન.એસ.એસ. કાર્ય સાથે જોડાયેલી અને સર્વશ્રેષ્ઠ કાર્ય કરતી અમુક કૉલેજોની પસંદગી કરી અને તેવી કૉલેજોને માનનીય શિક્ષણમંત્રીશ્રીના વરદ્હસ્તે 'સન્માન પત્ર' એનાયત  કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના દ્રિતીય સત્રમાં ડૉ. અર્પિત દેવ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે રાષ્ટ્રકાર્યમાં શિક્ષકની ભૂમિકા વિષય પર વિસ્તૃત વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ એન.એસ.એસ. સંલગ્ન કૉલેજમાંથી સૌથી શ્રેષ્ઠ કાર્ય કરતી હોય તેવી ૦૫ કૉલેજોનું પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ચતુર્થ સત્રમાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા 'સેવા બને સ્વભાવ' વિષય પર વકતવ્ય આપવામાં આવ્યું હતું. તેમણે વ્યકિતગત જીવનમાં અને વ્યકિતગત આચરણમાં સેવાનો જે ભાવ છે એ સ્વભાવ બનવો જોઈએ અને એ સ્વભાવ જ એ વ્યકિતને સમાજમાં અલગ તારે છે કેમ કે જ્યાં સુધી સેવાનો જે ભાવ છે એ સ્વભાવ નહીં બને ત્યાં સુધી અવિરત કાર્ય કરવું એ મુશ્કેલ છે સાથે ગઢવી સાહેબે પોતાના જીવનપ્રસંગમાં અનુભવિત કચ્છના ભૂકંપનું ઉદાહરણ આપીને માહિતી આપી હતી.

પાંચમાં સત્રમાં એન.એસ.એસ.ના ડાયરેકટર ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા 'રાષ્ટ્રકાર્યની અધ્યાત્મ સાધના' વિષય પર બૌદ્ધિક રાષ્ટ્ર કાર્ય અને અધ્યાત્મ સાધનામાં એનએસએસ થી જોડાયેલા દરેક પ્રાધ્યાપકોની મોટી સંખ્યામાં યુવાઓને સાથે લઈને સેવાના કાર્ય સામાજિક કાર્યો અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા યુવાઓમાં પડેલી સુસુપ્ત શકિતઓને બહાર લાવવાનું કાર્ય કરે છે એ હવન સાથે દરેક પ્રોગ્રામ ઓફિસર સ્વયં જાગૃત રહીને સક્રિય રહીને યુવાઓને પણ સક્રિય રાખવા એ પ્રથમ દેશભકિતનું સોપાન છે આ વિષય પર ખૂબ ઊંડાણપૂર્વક માર્ગદર્શન પુરું પાડયું હતું.

કાર્યક્રમના અંતમાં હાજર સૌ પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને એન.એસ.એસ. ડાયરેકટર ડૉ. પ્રકાશચંદ્રના વરદહસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ હતા. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન અને વ્યવસ્થા એન.એસ.એસ.વિભાગ દ્વારા કરવામાં આવેલ હતી.













## કવિ નર્મદની '૧૯૧મી નર્મદ જયંતી નિમિત્તે વિશેષ વ્યાખ્યાન'નું આયોજન

તા. ૨૩ મી ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ તથા ગુજરાતી વિભાગના સંયુકત ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા નર્મદની ૧૯૧મી જયંતી નિમિત્તે 'સમય વીર કવિ નર્મદ' વિષય પર વિશેષ વ્યાખ્યાન ગુજરાતી વિભાગમાં આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ડૉ. એ.વી.ધડુક, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર, શ્રી ચિરણ સોલંકી, ગુજરાતી વિભાગના ડૉ. નરેશ શુકલ અને વિભાગના પ્રોફેસર ભરત ઠાકોર અને ડૉ. પન્ના ત્રિવેદી અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. વ્યાખ્યાન માટે વિશેષ વકતા તરીકે ડૉ. દીપક રાવલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત કુલપતિશ્રીના હસ્તે દીપ પ્રાગ્ટયથી કરવામાં આવી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ મહેમાન અને વિદ્યાર્થીઓને શાબ્દિક આવકાર આપ્યો હતો. વિશ્વવિદ્યાલયમાં કુલપતિશ્રીની ફરી નિયુકિત નિમિત્તે ડૉ. પ્રકાશચંદ્રએ તેમજ વિભાગના અન્ય પ્રાધ્યાપકોએ વિશેષ સન્માન કરી શુભકામનાઓ પાઠવી હતી. કુલપતિશ્રીએ પણ વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું હતું. કાર્યક્રમની રૂપરેખા ડૉ. દીપક રાવલે સંભાળી હતી. એમણે 'સમય વીર કવિ નર્મદ' વિશે નર્મદના જીવનથી માંડીને એમના સર્જન સુધીની યાત્રા સહજ, સુંદર અને પ્રવાહીશૈલીમાં રજૂઆત કરી હતી. નર્મદને સમય વીર કહેવા સુધીનો આશય સ્પષ્ટ કર્યો હતો. આમ આ કાર્યક્રમ વિદ્યાર્થીપ્રિય બની રહ્યો હતો. કાર્યક્રમના અંતે પ્રોફેસર ભરત ઠાકોર આભારવિધિ કરી હતી. અંતે રાષ્ટ્રગાન કરીને કાર્યક્રમની પૂર્ણાહુતી કરી.










## વૃક્ષારોપણ ડ્રાઇવ – 'एक पेड़ माँ के नाम' કાર્યક્રમનું આયોજન

તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગ દ્વારા **'एक पेड़ माँ के नाम'** વિષય હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અંગ્રેજી વિભાગના નવલરામ હોલમાં આયોજિત આ કાર્યક્રમની શરૂઆત આદરણીય મહેમાનોના સ્વાગત સાથે કરવામાં આવી હતી. અંગ્રેજી વિભાગના પ્રોફેસર અને વડા ડૉ મહેશ ડે.એ સ્વાગત પ્રવચન કર્યું હતું જેમાં એમણે પર્યાવરણ સંરક્ષણનું મહત્વ અને પ્રોત્સાહન આપવા માટેની પહેલ પર ભાર મુકવાની વાત કરી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ વિભાગના પ્રયત્નોને બિરદાવી, વિશ્વવિદ્યાલયની પ્રતિબદ્ધતાને જણાવતા કહ્યું હતું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન વિશ્વવિદ્યાલય કેમ્પસમાં ૨૧૦૦૦ વૃક્ષોના વાવેતરના મહત્વકાંક્ષી યોજનાની જાણ કરી હતી.

કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. સર્વેશ જે. ગૌતમ કે જઓ પર્યાવરણીય એકટીવિસ્ટ અને બાગાયત નિષ્ણાંત છે તેમણે – 'ગ્રીન અર્થ અને ટકાઉ વિકાસ' પર પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું. તેમના વકતવ્યમાં કલાઈમેટ ચેન્જને ઘટાડવામાં વૃક્ષોની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો અને રોજિંદા જીવનમાં ટકાઉ વ્યવહાર અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. ડૉ. ગૌતમે ભાર પૂર્વક જણાવ્યું હતું કે, 'જો તમે વૃક્ષ કાપો છો, તો તમે જીવનને મારી નાખો છો. જો તમે વૃક્ષ બચાવો છો, તો તમે તમારા જીવન બચાવો છો. તમે વૃક્ષ વાવો છો, તો તમે જીવનને વાવો છો.' પર્યાવરણ જાળવણીનો આ સંદેશ ઘર ઘર સુધી પહોંચાડવામાં આવ્યો હતો. ત્યારબાદ ડૉ. રાધા એસ. ગૌતમે વિદ્યાર્થીઓને પર્યાવરણના રક્ષણ અને સંવર્ધન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી અને આપણા ગ્રહને

બચાવવામાં આપણે બધાએ જ સામુહિક જવાબદારી નિભાવવી પડશે તેના પર ભાર મૂકયો.

આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આ કાર્યક્રમની ગરિમા વધારી હતી. કાર્યક્રમના અંતે મહેમાનો અને વિદ્યાર્થીઓએ અંગ્રેજી વિભાગમાં અને તેની આસપાસ વૃક્ષારોપણમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આમ, વૃક્ષારોપણ અને પર્યાવરણ બચાવોના સંદેશ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. આ કાર્યક્રમમાં અંગ્રેજી અને સમાજશાસ્ત્ર વિભાગોના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સુનિલ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું, અંતે ડૉ. મિહિર મોરીએ સર્વેનો આભાર માન્યો હતો અને કાર્યક્રમ પૂર્ણ થયો હતો.






## ખેલ રત્ન મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતિના ભાગરૂપે 'નેશનલ સ્પોર્ટસ ડે'નું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને ક્રિડા ભારતી ગુજરાત પ્રાંત, સુરતના સંયુકત ઉપક્રમે વિશ્વવિદ્યાલયના કન્વેનશન હોલ ખાતે ખેલ રત્ન મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતિના ભાગરૂપે 'નેશનલ સ્પોર્ટસ ડે'નું આયોજન કરવામાં આવેલ હતું. સદર કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન પ્રસંગે માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ક્રીડા ભારતી, સુરતનાં મુખ્યમંત્રીશ્રી મનોજભાઈ સાવલિયા તથા યુ.ક અને શા.શિ. વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પી. પટેલ હાજર રહ્યા હતા. માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદ્બોધન આપ્યું હતું. યુ.ક. અને શા.શિ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પી. પટેલ દ્વારા મહેમાનો અને ભાગ લેનાર ખેલાડીઓનું શાબ્દિક સ્વાગત અને આભારવિધિ કરવામાં આવી હતી. 'નેશનલ સ્પોર્ટસ ડે' નિમિતે વોલીબોલ, સ્વીમીંગ, દોડ અને લાંબી કૂદ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં સ્પર્ધકો, ઓફિસરો, વાલીઓ તથા નિમંત્રિત મહેમાનો સાથે આશરે ૫૦૦ની સંખ્યામાં થઈ હતી. સ્પર્ધા પૂર્ણ થતાં વિજેતા થનાર ખેલાડીઓને ટ્રોફી અને સર્ટિફીકેટ આપવામાં આવ્યા હતા. ભાગ લેનાર તથા વિજેતા થયેલ તમામ ખેલાડીઓને માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તરફથી ભવિષ્યમાં પર ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.
















## Department of Library & Information Science

### રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી

તા. ૧૨/૦૮/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સમાજવિજ્ઞાન ભવન ખાતે સ્થિત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં કૉ–ઓર્ડિનેટર ડૉ. યોગેશ એન. વાંસિયા તથા અધ્યાપક તરીકે ફરજ પૂરી પાડતા ડૉ. શૈલેષ પટેલ, ડૉ. તૃપ્તિબેન વાંસિયા, શ્રી જયદીપભાઈ વ્યાસ, શ્રી નવનીતભાઈ પટેલ અને શ્રી પંકજભાઈ પટેલ હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમનું સંચાલન ખરવર વૃંદા અને સ્નેહા વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ–પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપક ડૉ. શૈલેષ પટેલ દ્વારા પ્રસ્તુત દિવસનું મહત્વ અને એસ.આર.રંગનાથનનાં જીવન અને કારકિર્દી વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં B.L.I.Sc. અને M.L.I.Sc.ના વિદ્યાર્થીઓ દ્વારા, ડૉ. એસ.આર.રંગનાથનનાં જીવનચારિત્ર્ય વિશે અને એક ઉત્તમ ગ્રંથપાલ બનવા માટે જરૂરી ગુણ વિશે ચર્ચા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ નિમિત્તે ઉજવણી અર્થે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.




## Department of Commerce

### પેઇન્ટિંગ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગ દ્વારા તા. ૦૬/૦૮/૨૦૨૪ના રોજ પેઇન્ટિંગ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને પસંદ કરેલા વિષય પર જાગૃત કરવાનો અને વિદ્યાર્થીઓમાં કલા પ્રત્યેના જુસ્સાને પ્રોત્સાહન આપવાનો તેમજ સર્જનાત્મક શકિતની કેળવણીનો હતો. પેઇન્ટિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જાદવ જીજ્ઞાશા, દ્વિતિય ક્રમે ગામીત અંજલ અને લાઠીયા કિનલ તથા તૃતિય ક્રમે વાલા મોહિત તેમજ પોસ્ટર સ્પર્ધામાં પ્રથમ ક્રમે પિલાઈ પૂજા, દ્વિતિય ક્રમે ભીસારા વેદાંત વિજેતા જાહેર થયા હતા. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન વિભાગના કૉ–ઓર્ડિનેટર અને એસોસિએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ ઠક્કરના માર્ગદર્શન હેઠળ ડૉ. પ્રીતિ શાહ, પ્રો. મુકેશ રોહિત તથા ડૉ. પ્રિયંકા કથીરિયા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રો. મેહુલ રાઠી અને પ્રો. રક્ષા પટેલ હાજર રહ્યા હતા. આ વિજેતાઓને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ શુભેચ્છાઓ પાઠવી હતી.



## દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગ દ્વારા તા. ૧૪/૦૮/૨૦૨૪ના રોજ દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રવાદની લાગણીઓથી ભરપૂર મધુર ગીતો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા સમૂહ ગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ સ્પર્ધાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં કલાત્મક અભિવ્યકિત દ્વારા દેશભકિતની ભાવના વિકસાવાનો હતો. સંગીત વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક છે, કારણ કે તે માત્ર તેમની સૌંદર્યલક્ષી ભાવનાનો વિકાસ કરતું નથી, પરંતુ તે સર્જનાત્મકતાની ચાવી પણ છે. તે સૌથી પ્રિય માનવ અનુભવોમાંનો એક છે અને વિદ્યાર્થીના શિક્ષણમાં તેને આત્મ–અભિવ્યકિતની તક પૂરી પાડીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રેમિલા ગામીત, દ્વિતીય ક્રમે મુકેશ નાઈ તથા તૃતિય ક્રમે યોગિતા ભગત વિજેતા જાહેર થયા હતા. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રો. રક્ષા પટેલ અને પ્રો.તૃષાંગ ટેલર હાજર રહ્યા હતા. તેમણે સહભાગીઓને પ્રોત્સાહનના માયાળુ શબ્દો આપ્યા અને સંગીત પ્રત્યેના તેમના નિર્વિવાદ જુસ્સા દ્વારા તેમનું મનોબળ વધાર્યું



## રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગ દ્વારા તા. ૧૬/૮/૨૦૨૪ના રોજ રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ તેમની પ્રતિભા ઉજાગર કરી હતી અને વિવિધ રંગબેરંગી રાખડીઓ બનાવી હતી જે તેમની મૌલિકતા અને સર્જનાત્મકાને પ્રદર્શિત કરતી હતી. જે મુખ્ય સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમાં બિંદીઓ, અરીસાઓ, સ્પાર્કલ્સ, થ્રેડો, રિબન, સ્ટીકરો, માળા વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારની ઈવેન્ટનું આયોજન કરવાનો એકમાત્ર હેતુ તેમના સર્જનાત્મક શકિતને અન્વેષણ કરવાનો અને વિદ્યાર્થીઓની અંદર છુપાયેલી કલાને બહાર લાવવાનો હતો. આ ઉપરાંત, કાર્યક્રમ સુંદર રાખડીઓના સર્જનથી આગળ વધ્યો, જેમાં સુંદર રાખડીઓ બનાવી વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતિક પરંપરાને જાળવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સ્પર્ધાનું સમગ્ર આયોજન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરાયું હતું. આ સ્પર્ધામાં સોનાલી ભાલારાએ પ્રથમ ક્રમ, પૂજા પિલાઈએ દ્વિતિય ક્રમ અને મનાલી પટેલ તથા દિશા ટાંકે તૃતીય ક્રમ મેળવ્યો હતો. વિભાગના અધ્યાપક ડૉ. પ્રીતિ શાહ અને ડૉ. પ્રિયંકા કથીરિયા સ્પર્ધાના નિર્ણાયક રહ્યા હતા. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





## પીએચ.ડી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગના અધ્યાપક મેહુલ મુકેશભાઈ રાઠીએ અંબાબા કોમર્સ કૉલેજ સાબરગામના આચાર્યશ્રી ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં 'A Study on Awarness, Attitude and Purchase Intention of the Consumers Towards Green Marketing With Reference to the South Gujarat Region' ઉપર સંશોધન નિબંધ તૈયાર કર્યો હતો. જેનો વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયએ સ્વીકાર કરી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. જે બદલ સમગ્ર વિભાગ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. મેહુલ મુકેશભાઈ રાઠીને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવી તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## Department of Economics

### Post Budget Discussion Program






તા. ૬/૮/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ ખાતે વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ 'Post Budget Discussion Program' આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમની શરૂઆત ડૉ. મનિષ આર. પટેલ દ્વારા તાજેતરમાં તા. ૨૩/૦૭/૨૦૨૪ના રોજ રજૂ કરવામાં આવેલ અંદાજપત્રમાં રજૂ કરવામાં આવેલ ૯ પ્રાથમિક માપદંડોની ચર્ચા કરી. જેમાં ૧. ખેતીમાં ઉત્પાદકતા અને સ્થિરતા, ૨. રોજગાર અને કુશળતા, ૩. સર્વસમાવિષ્ટ માનવ સંશાધન વિકાસ અને સામાજિક ન્યાય, ૪. ઉત્પાદકતા અને સેવાઓ, ૫. શહેરી વિકાસ, ૬. ઉર્જા સુરક્ષા, ૭. બાંધકામ, ૮. નવીનીકરણ, સંશોધન અને વિકાસ અને ૯. આગળની પેઢીની સુધારાઓનો સમાવેશ થાય છે. આમ, અંદાજપત્રની પ્રાથમિક ચર્ચા કર્યા બાદ એમ.એ. સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૩ના વિદ્યાર્થીઓ સ્નેહિલ મકવાણા, રોશન રાઉત, રાવલ કૃષ્ણા, હિરપરા આરતી, મિત ચોટલીયા, વિવેક સુનારિયા, અનન્યા દેસાણી, સબીના પઠાણ, સના શૈખ, ભરત કડાવાલા, ભાવેશ ગુપ્તા અને વૈદેહી ભોજકે ઉત્સાહભેર ભાગ લઈ બજેટ અંગેનો પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા બજેટ ૨૦૨૪નાં જુદા જુદા પાસા અંગે પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું અને અંદાજપત્રનાં હકારાત્મક અને નકારાત્મક પાસાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી. પ્રસ્તુત ચર્ચામાં અંદાજપત્રમાં રજૂ થયેલા અનેક મુદ્દાઓ જેવાકે, આવક કઈ રીતે વધારવામાં આવશે, ખર્ચ કઈ રીતે ઘટાડી શકાય, કૃષિ શિક્ષણ, આરોગ્ય વગેરે ક્ષેત્રે કેટલીક વિકાસ માટેની યોજનાઓ વિશે પ્રસ્તુત અંદાજપત્રમાં ચર્ચા કરવામાં આવી હતી તે અંગે પણ અધ્યાપક અને વિદ્યાર્થીઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. 'Post Budget Discussion' કાર્યક્રમનું આયોજન હાલમાં રજૂ થયેલા અંદાજપત્રથી દરેક વિદ્યાર્થી અવગત થાય તે હેતુથી કરવામાં આવ્યું હતું. ચર્ચામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને ભાગ લેવા અને પોતાનું વકતવ્ય રજૂ કરવા બદલ વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. પ્રસ્તુત કાર્યક્રમમાં ૧૨૪ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો હાજર રહ્યા હતા.

### સંશોધનમાં સંદર્ભસૂચી તૈયાર કરવા માટે 'મેન્ટલી' ઉપર એક દિવસીય કાર્યશાળાનું આયોજન





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે અર્થશાસ્ત્ર વિભાગ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડીયમ કૉલેજનાં સંયુક્ત ઉપક્રમે તા. ૨૩/૦૮/૨૦૨૪નાં રોજ Reference management Software 'MENDELEY'ની એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, અધ્યાપક ડૉ. યોગેશ એન. વાસિયાં, મુખ્ય વકતા તરીકે ડૉ. ગૌતમ દુઆ હાજર રહ્યા હતા કે જેઓ અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડીયમ કૉલેજમાં કાર્યકારી આચાર્ય તરીકે સેવા આપી રહ્યા છે. તેમજ કાર્યક્રમનાં કૉ–ઓર્ડિનેટર ડૉ. મનિષ આર. પટેલ અને ડૉ. તૃપ્તિબેન વાંસિયા હાજર રહ્યા હતા. સમગ્ર વર્કશોપનું સંચાલન ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા મુખ્ય અતિથિ, વકતા અને ભાગલેનાર દરેક વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરીને કર્યું હતું. ત્યારબાદ મુખ્ય

વકતા ડૉ. ગૌતમ દુઆનું સ્વાગત ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વિશ્વવિદ્યાલય ખેસ, પુસ્તક તથા પુષ્પગુચ્છ ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. તેમજ ડૉ. ગૌરાંગ ડી. રામી, ડૉ. તૃપ્તિબેન વાંસિયા, ડૉ. યોગેશ એન. વાંસિયા, નિધિબેન અને પ્રજ્ઞાબેનનું સ્વાગત વિશ્વવિદ્યાલય ખેસ, પુસ્તક તથા પુષ્પગુચ્છ ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત કાર્યશાળાની પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી હતી. પ્રસ્તુત 'MENDELEY' સોફટવેરનો ઉપયોગ સંશોધકો માટે કઈ રીતે સંશોધન પત્ર તૈયાર કરવામાં મદદરૂપ થઈ શકે અને સંશોધન પત્ર કે લેખ તૈયાર કરતી વખતે અવતરણ (Citation) અંગે આવતી મુશ્કેલીઓમાં કઈ રીતે સરળતાથી 'Mendeley'નો ઉપયોગ કરીને પોતાનું સંશોધન લેખને યોગ્ય પ્રમાણિત કરી શકે તે અંગે ચર્ચા કરી હતી. વધુમાં તેમણે 'Mendeley' સિવાય પણ કેટલાક Reference Management Software જેવા કે ZETERO અને typset.io વગેરે અંગે પણ વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા. ત્યારબાદ ડૉ. ગૌતમ દુઆ સાહેબ દ્વારા પ્રસ્તુત 'Mendeley' સંદર્ભે સોફટવેરનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો, 'Mendeley' સોફટવેરનો ઉપયોગ વિદ્યાર્થીઓ પોતાનાં સંશોધન કાર્ય માટે કઈ રીતે કરી શકે તેની માહિતી આપી હતી અને દરેક વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરમાં પ્રેકટીસ દ્વારા શીખવવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓને 'Mendeley' ઉપયોગમાં પડતી મુશ્કેલીઓ અને ઉકેલો પણ જણાવવામાં આવ્યા હતા. વર્કશોપનાં અંતે ડૉ. મનિષ આર. પટેલ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજનાં ડાયરેકટરશ્રી યુ.ટી.દેસાઈનો પ્રસ્તુત કાર્યક્રમની મંજુરી અને આયોજનનાં સહકાર બદલ આભાર વ્યકત કર્યો હતો તથા મુખ્યવકતા ડૉ. ગૌતમદુઆ, કાર્યક્રમનાં કૉ–ઓર્ડિનેટર ડૉ. તૃપ્તિબેન વાંસિયા અને સંચાલક ડૉ. યોગેશ એન વાંસિયાનો પણ આભાર વ્યકત કર્યો હતો, ઉપરાંત જે પણ વિદ્યાર્થી, સંશોધક અને અધ્યાપકો કાર્યશાળામાં જોડાયા તેમનો પણ આભાર વ્યકત કર્યો હતો. પ્રસ્તુત વર્કશોપમાં કુલ ૬૦ જેટલા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં અભ્યાસ કરતા B.L.I.Sc, M.L.I.Sc, M.A. & PH.Dનાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. પ્રસ્તુત કાર્યશાળાનાં આયોજન અને કાર્યશાળાની સફળતા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

## જન્માષ્ટમી નિમિત્તે મટકીફોડનું આયોજન

તા. ૨૩/૦૮/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા એમ.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા જન્માષ્ગમીનાં પાવન અવસરે મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષા ડૉ. ગૌરાંગ ડી. રામી, અધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનિષ આર. પટેલ, વહીવટી કર્મચારી તથા એમ.એ. સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૩નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ અવસરે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા સૌને જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.





## One Day Workshop on Reference Management Tool Zotero





તા. ૩૦/૦૮/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને માનવ સંસાધન વિકાસ વિભાગનાં સંયુકત પ્રયાસ દ્વારા એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળા સંદર્ભ સૂચી તૈયાર કરવા માટેનાં એક વિકલ્પ ઝોટેરો (ZOTERO) સોફ્ટવેર વિષય પર આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યશાળાનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગના કોમ્પ્યુટર લેબમાં કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યશાળામાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી, માનવ સંસાધન વિભાગનાં વડા ડૉ. ડી.જી.ઠાકોર અને મુખ્ય વકતા તરીકે માનવ સંસાધન વિકાસ વિભાગનાં ડૉ. ભાવેશ વાનપરીયા તથા અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપક ડૉ. યોગેશ વાંસિયા, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં અને અર્થશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપકગણ અને વિદ્યાર્થીમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળાની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ડૉ. ભાવેશ વાનપરીયાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો અને પ્રસ્તુત કાર્યશાળાનાં સંદર્ભમાં પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી. ત્યારબાદ કુલસચિવશ્રી રમેશદાન ગઢવી, માનવ સંસાધન વિભાગનાં વડા ડૉ. ડી.જી.ઠાકોર, મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરીયા તથા વિદ્યાર્થીમિત્રો અને પ્રાધ્યાપકગણનું ડૉ. યોગેશ વાંસિયા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યશાળાની શરૂઆતમાં કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી, માનવ સંસાધન વિભાગના વડા ડૉ. ડી.જી.ઠાકોર અને મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરીયાને સ્મૃતિભેટ સ્વરૂપે વિશ્વવિદ્યાલયના ખેસ અને પુસ્તક આપીને આવકારવામાં આવ્યા હતા. પ્રસ્તુત કાર્યશાળાનાં સંદર્ભમાં કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું જેમાં આ પ્રકારનાં કાર્યશાળાનું આયોજન ભવિષ્યમાં પણ કરતા રહેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું અને કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા આપી હતી.

ત્યારબાદ ડૉ. ડી.જી.ઠાકોર દ્વારા પ્રસ્તુત કાર્યશાળાની અગત્યતા અને સંશોધનમાં તેના ઉપયોગ વિશે ચર્ચા કરી હતી. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરીયા જેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનવ સંસાધન વિભાગમાં સહાયક અધ્યાપક તરીકે ફરજ પૂરી પાડે છે, તેમણે પ્રસ્તુત સોફ્ટવેર ZOTEROનાં સંદર્ભમાં જાણકારી આપી. ત્યારબાદ ZOTERO સોફ્ટવેર ઇન્સ્ટોલ કેવી રીતે કરી શકાય, તેનો ઉપયોગ કઈ રીતે કરવો કયાં કરવો ZOTEROમાં સંદર્ભ કઈ રીતે ઉમેરવા, જો કોઈ લેખની નકલ એક થી વધુ હોઈ તો તેને કઈ રીતે દૂર કરવી વગેરે પ્રેકટીકલ દ્વારા શીખવવામાં આવ્યું હતું. ડૉ. ભાવેશ વાનપરીયા દ્વારા વિવિધ સંદર્ભ વ્યવસ્થાપન શૈલી AAA, APA, NLM, ACS, AMA, IEEE, OSCOLA, VANCOUNVER, MLA વગેર વિશે ચર્ચા કરી હતી. ZOTEROનો ઉપયોગ સંશોધન કાર્યમાં કઈ રીતે સરળતાથી કરી શકાય તે અંગે પણ ચર્ચા કરી હતી. પ્રસ્તુત કાર્યશાળામાં ZOTERO વિશે દરેક બાબત ઝીણવટપૂર્વક સરળતાથી પ્રેકટીકલ દ્વારા શીખવવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યશાળાનો લાભ કુલ ૯૪ જેટલા વિદ્યાર્થી અને પ્રાધ્યાપકોએ લીધો હતો અને તેના માટે પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. કાર્યશાળાનાં અંતે ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, ડૉ.ડી.જી. ઠાકોર, ડૉ. ગૌરાંગ ડી. રામી તથા વિદ્યાર્થીઓ જે પ્રસ્તુત કાર્યશાળામાં જોડાયા તે બદલ આભાર વ્યકત કર્યો હતો. સંપૂર્ણ કાર્યશાળાનું સંચાલન ડૉ. યોગેશ વાંસિયા તથા ડૉ. મનિષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યશાળાના આયોજન અને સફળતા માટે કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## Department of Fine Arts

### 'આર્ટિસ્ટ ટોક'નું આયોજન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ચાલતા બેચલર ઓફ ફાઈન આર્ટમાં તા. ૧૬/૮/૨૦૨૪ના રોજ આર્ટિસ્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. વિઝયુઅલ આર્ટમાં શીખવાની ઘણી પદ્ધતિઓ હોય છે, જેમાંની એક પદ્ધતિ એટલે આર્ટિસ્ટના વર્ક તેમજ તેમના વર્ક પાછળની વિચારશરણીને જોઇને શીખવું. આર્ટિસ્ટ દીપ્તિ બાટલાવાળાના વર્ક વિદ્યાર્થીઓ માટે પથ દર્શક તરીકે કામ કરે છે. વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ સહિતની પ્રકૃતિ તેની ભૂમિકાની કાર્યક્ષમતા સાથે જે છબી બનાવવાનો આધાર જન છે. તે કલર પેલેટ, ટેકસચર, ઈમેજનું વાતાવરણ તથા અમલીકરણને પ્રતિબિંબિત કરે છે. પ્રાણીશાસ્ત્ર અને કલા સાથે કામ કરવા માટે બહુ–શિસ્તનું વલણ રાખવું જરૂરી છે ખાસ કરીને પ્રિન્ટસ, ઝીંક મેટલ પ્લેટ્સથી 3D શિલ્પો સુધીના અદ્ભુત રેખાંકનો સાથે વાસ્તવમાં, અમૂર્ત સ્વરૂપોના વિચારો વચ્ચેના જોડાણને સમાવિષ્ટ કરવાનો પ્રયાસ કરે છે. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેસદાન સી. ગઢવી અને ફાઈન આર્ટના કૉ–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલનો સહકાર બદલ આચાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઈવેન્ટનું સંચાલન શ્રીમતી માનસી ચાંદીવાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

## Department of Journalism & Mass Communication

### ફાયરલેસ કુકિંગ કોમ્પિટિશનનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગમાં તારીખ ૦૩/૦૮/૨૦૨૪ના રોજ ફાયરલેસ કુકીગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ ધુમાડા વગરની રસોઈ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો હતો. આ પ્રકારની નવી રસોઈ વ્યવસ્થાથી પર્યાવરણનો બગાડ અટકાવી શકાય ગેસ, કેરોસીન, ઇલેક્ટ્રિકસિટી, લાકડા વગેરે બચાવી શકાય. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને અતિથિ વિશેષ તરીક`વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પત્રકારત્વ વિભાગના વડાશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોરની રાહબારીમાં કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિભાગના સ્નાતક, અનુસ્નાતક અને સ્નાતકોતર ડિપ્લોમાના ૧૦૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ સ્પર્ધામાં ૧૨ વિદ્યાર્થીઓની બનેલી કુલ પાંચ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ટીમ ૧ માં યશ્વી, ટીયા અને માનસી એમ કુલ ત્રણ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થતો હતો. ટીમ ૨ માં ડેલ્સી શાહ, નીરજ અને મહાવીર રાઠિ એમ કુલ ત્રણ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. ટીમ ૩માં હેનીલ સિસોદિયા અને વંશીકા દેવાસી એમ બે વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. ટીમ ૪માં સાહિલ, નેહા અને જિનાલીનો એમ કુલ ત્રણ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. જ્યારે અંતિમ ટીમ ૫ માં એક વિદ્યાર્થીની હિમાંશીનો સમાવેશ થતો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા આરજે ઉત્સવ રાવલે નિભાવી હતી. તેમણે સ્પર્ધાના અંતે વિજેતા ટીમોના નામ જાહેર કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે એક, બીજા ક્રમે બે અને ત્રીજા ક્રમે ટીમ પાંચ રહી હતી.



### વૃક્ષારોપણનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ અને સમૂહ પ્રાત્યાયન વિભાગ તથા તુલનાત્મક સાહિત્ય અધ્યયન વિભાગના સંયુકત ઉપક્રમે દિનાંક ૧૩/૦૮/૨૦૨૪ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને પત્રકારત્વ તથા તુલનાત્મક સાહિત્ય વિભાગના વડાશ્રી ડૉ. ભરત ઠાકોરના માર્ગદર્શન અને આગેવાનીમાં કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વવિદ્યાલયના રમતગમતના મેદાનની આસપાસની ખુલ્લી જમીનમાં બંને વિભાગના થઈને આશરે ૨૫૦ કરતા પણ વધારે વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓએ ૩૦૦ ઉપરાંત જુદા જુદા વૃક્ષોનાં વાવેતરનું કર્યું હતું. જેમાં ઈમારતી લાકડા માટેના વૃક્ષોના છોડવાઓ, આયુર્વેદિક છોડવાઓ, ફોરેસ્ટ્રીના છોડવાઓ, બાગબગીચાના છોડવાઓ, ફળોના છોડવાઓ વગેરેનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ વાવેતર કરવા પાછળ પર્યાવરણની રક્ષા, પરિસ્થિતિનું પુનઃસ્થાપન અને જળવાયુ પરિવર્તનમાં સુધારો કરવા જેવા હેતુઓ ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા.



### પત્રકારત્વ વિભાગ અને 95 Red FM રેડિયો ચેનલના સંયુકત ઉપક્રમે કૉલેજ કે ટશનબાઝ સ્પર્ધા યોજાઈ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ અને ૯૫ રેડ એફ એમ રેડિયો ચેનલ, સુરતના સંયુકત ઉપક્રમે દિનાંક ૨૯/૦૮/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના પ્રાર્થના ખંડ ખાતે

સવારે ૧૦:૩૦ કલાકેથી બપોરે ૧:૦૦ કલાક દરમિયાન કૉલેજ કે ટશનબાઝ ૨૦૨૪ નામે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની પ્રેરણાથી અને પત્રકારત્વ વિભાગના વડાશ્રી ડૉ. ભરત ઠાકોરની રાહબરીમાં યોજાઈ હતી. જેમાં વિશ્વવિદ્યાલયના વિભિન્ન વિભાગોના બસો કરતાં પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં કુલ સાત શ્રેણીઓ રાખવામાં આવી હતી. આ શ્રેણીઓમાં એકલ ગાયન, મ્યુઝિક બેન્ડ, એકલ નૃત્ય, સમૂહ નૃત્ય, એકલવાદ્ય, વાદ્ય બેન્ડ અને અન્ય શ્રેણી એમ કુલ સાત શ્રેણીઓનો સમાવેશ થતો હતો. સ્પર્ધામાં કુલ ૧૫ પ્રતિસ્પર્ધીઓએ ભાગીદારી નોંધાવી હતી. તેમના પ્રદર્શનના અંતે નિર્ણાયક એવા ૯૫ રેડ એફ એમ રેડિયો ચેનલ, સુરતના રેડિયો જોકી શ્રી ઉત્સવ રાવલે વિજેતાઓના નામ જાહેર કર્યા હતા. તેમાં પત્રકારત્વ વિભાગનો વિદ્યાર્થી દર્શિત ગેડિયા પ્રથમ ક્રમે, ગુજરાતી વિભાગની વિદ્યાર્થીની નંદની સોલંકી બીજા ક્રમે અને અંગ્રેજી વિભાગની વિદ્યાર્થીની સ્મૃતિ મયકર ત્રીજા ક્રમે રહી હતી. આ તમામ વિજેતાઓને ઇનામ અને પ્રમાણપત્રોથી અને સ્પર્ધાના અન્ય સ્પર્ધકોને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રેડ એફ એમ ચેનલ દ્વારા આયોજિત કૉલેજ કે ટશનબાઝ સ્પર્ધા રાષ્ટ્રવ્યાપી છે. જે ભારતની જુદી જુદી કૉલેજો અને વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના જુસ્સાને પ્રજ્વલિત કરવાનું, સર્જનાત્મકતાને બળ આપવાનું અને ઉત્સાહને અભૂતપૂર્વ ઊંચાઈએ લઈ જવા માટેનો પ્રયત્ન અને મંચ છે. રેડ એફ એમ ચેનલ દ્વારા આ વર્ષે આ સ્પર્ધા જાણીતા સંગીતકાર અમાલ મલિકના માર્ગદર્શન હેઠળ યોજી રહ્યું છે.

## Department of Sociology

### 'વિશ્વ આદિવાસી દિવસની' ઉજવણી






તા. ૯/૮/૨૦૨૪ના દિવસે સમાજશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના, સુરત ખાતે 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શનથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિભાગનાં અધ્યક્ષ પ્રો.(ડૉ) એમ.એન.ગાયકવાડે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનું મહત્વ સમજાવતા આદિવાસી લોકજીવનની સમૃદ્ધિ અને તેના મહત્વ વિશે રજૂઆત કરી હતી. સમાજકાર્ય વિભાગનાં અધ્યાપક ડૉ. બહાદુરસિંહ વસાવાએ આદિવાસી બોલીનું મહત્વ સમજાવ્યું હતું. વિભાગના અધ્યાપક ડૉ. મોસમ ત્રિવેદી વર્તમાન આદિવાસી યુવાઓની ભૂમિકા વિશે ચર્ચા કરી હતી. સાથે સમાજશાસ્ત્ર વિભાગનાં ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રો. (ડૉ) પરવેઝ અબ્બાસી કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને વિશ્વ આદિવાસીઓની સામાજિક ગતિશીલતા અને મુખ્ય પ્રવાહમાં ભળવાની પ્રક્રિયા વિશે સમજ આપી હતી.

આ કાર્યક્રમમાં વિભાગનાં વિદ્યાર્થીની વસાવા દીપિકાબેને વિશ્વ આદિવાસી દિવસની થીમ 'સ્વ–નિર્ધારણ માટે પરિવર્તનના એજન્ટ તરીકે આદિવાસી યુવાનો' અંગે, પરમાર ચેતનભાઈએ આદિવાસીઓ માટે બંધારણીય અધિકારો વિશે, વસાવા અંજનાબેને આદિવાસી નેતા જયપાલસિંહ મુંડા વિશે, ગામીત મેજલભાઈએ આદિવાસી નેતા બિરસા મુંડા વિશે, સિપાઈ સનાબેને આદિવાસી મહિલા ગૌરાદેવી વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. વસાવા નિરંજના, સકિલાબેન તેમજ સેમ ૧ અને ૩ના વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી લોકગીતો અને ઉખાણાંઓ કોંકણી, ગામીત, વસાવા બોલીમાં રજૂ કર્યા હતા. ઉપરાંત આદિવાસી લોકનૃત્ય જેવા કે, ડાંગી અને ગામીત શૈલીમાં રજૂ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગનાં વિદ્યાર્થીઓએ ગામીત નૃત્ય રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર, સમાજકાર્ય અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિભાગનાં વિદ્યાર્થીઓ મિસ્બાંહબેન અને સ્મીન્જલબેન તેમજ આભારવિધિ મહેશભાઈએ કરી હતી.

### અદાણી પોર્ટની વિઝીટ કરવામાં આવી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા માસ્ટર ઓફ સોશિયલ

વર્ક પ્રોગ્રામનાં સેમેસ્ટર–૧નાં વિદ્યાર્થીઓની એક દિવસીય ફિલ્ડ વર્ક ઓરીએન્ટેશન વિઝીટનું તા.૮/૮/૨૦૨૪નાં રોજ સુરત નજીક આવેલ હજીરા સ્થિત અદાણી પોર્ટ તેમજ અદાણી વિલ્મરનું આયોજન કરવામાં આવેલ હતું. આ વિઝીટનો મૂળ હેતું સમાજકાર્યનાં વિદ્યાર્થીઓમાં ઔદ્યોગિક ક્ષેત્રોમાં સમાજકાર્યની વિવિધ ભૂમિકાઓની સમજ કેળવાય તે હતો. અદાણી ફાઉન્ડેશનના ઓફિસરશ્રી નરેશ ચિલુકા દ્વારા ઓવરઓલ કંપનીનું વિઝન, મિશન, કાર્યક્ષેત્રો અને આવનાર ભવિષ્યનું આયોજનનું પ્રેઝન્ટેશન દ્વારા પહેલા તબક્કામાં તથા બીજા તબક્કામાં અદાણી પોર્ટની મુલાકાત કરાવીને પોર્ટ દ્વારા માલસામાનનું મેનેજમેન્ટ, મેનપાવર અને ટેકનોલોજીની સમજ આપવામાં આવી હતી. અંતમાં, અદાણી વિલ્મરની મુલાકાત દરમ્યાન તેનાં પ્રોડકશન અને સપ્લાયની માહિતી આપવામાં આવી હતી. મુલાકાતમાં સમાજકાર્યના વિદ્યાર્થીઓમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં કામ કરવા માટે કેવા પ્રકારની સ્કીલ હોવી જોઈએ વગેરે બાબતોની પણ ચર્ચા કરવામાં આવી હતી. ફિલ્ડવર્ક વિઝીટનું સંચાલન ફેકલ્ટી મેમ્બર્સ ડૉ. બહાદુરસિંહ એ. વસાવા, શ્રી નવિનકુમાર રોહિત અને શ્રીમતિ પ્રિયંકા પરમાર દ્વારા વિદ્યાર્થીઓ સાથે રહીને વિઝીટ અગાઉની પૂર્વ તૈયારી કરાવીને તેમને વિવિધ જવાબદારીઓ સોંપી તેમાં માર્ગદર્શન આપી સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા મુલાકાત કરનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## વૃક્ષારોપણ કાર્યક્રમ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અને એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામમાં વૃક્ષારોપણનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી સાહેબના માર્ગદર્શન હેઠળ તા. ૧૩/૦૮/૨૦૨૪ બુધવારના રોજ 'વૃક્ષારોપણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયેલ હતા. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી તથા વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ તથા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામનાં કૉ–ઓર્ડિનેટર ડૉ. અરુણ પંડયા તથા અધ્યાપકોએ હાજર રહીને વિદ્યાર્થીઓનાં ઉત્સાહમાં વધારો કર્યો હતો.

## અક્ષય પાત્ર ફાઉન્ડેશનની અભ્યાસ મુલાકાત






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતનાં સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫માં સેમેસ્ટર–૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક ઓરિએન્ટેશન થકી સમાજકાર્યનાં વિવિધ કાર્યક્ષેત્રોથી માહિતગાર બને તે હેતુથી તારીખ ૨ ઓગષ્ટ ૨૦૨૪નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુરત શહેરમાં આવેલ અક્ષય પાત્ર ફાઉન્ડેશનની અભ્યાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસ મુલાકાતમાં કુલ ૬૦ વિદ્યાર્થીઓ તથા ૦૩ અધ્યાપકોએ ભાગ લીધો હતો. અભ્યાસ મુલાકાતનો મુખ્ય હેતુ નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને સમાજકાર્ય હસ્તક્ષેપ થકી વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી લોક કલ્યાણ પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કરવાનો હતો. મુલાકાત દરમિયાન અક્ષય પાત્ર ફાઉન્ડેશનનાં મેનેજર શ્રી સંજય જોશી સર દ્વારા સંસ્થા વિશે તથા તેની સમગ્ર કામગીરીની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. મુલાકાત થકી વિદ્યાર્થીઓ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને નજીકથી નિરીક્ષણ કરવાનો, સ્ટાફ સભ્યો સાથે વાર્તાલાપ કરવાનો અને સંસ્થા દ્વારા અમલમાં મૂકાયેલા વિવિધ કાર્યક્રમો

અને પ્રોજેક્ટ્સ વિશે માહિતગાર થયા હતા. અભ્યાસ મુલાકાતનાં અંતે MSW પ્રોગ્રામના અધ્યાપક નવીનકુમાર દ્વારા મુલાકાત અંગેની પરવાનગી આપવા તથા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડવા બદલ અક્ષય પાત્ર ફાઉન્ફેશનનો પ્રોગ્રામ, સમાજશાસ્ત્ર વિભાગ અને વિશ્વવિદ્યાલય વતી આભાર પ્રગટ કર્યો હતો.

આ અભ્યાસ મુલાકાતનું આયોજન વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાની પ્રેરણાથી તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, વિભાગના વડાશ્રી ડૉ.એમ.એન. ગાયકવાડના સહયોગ અનેએમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટર ડૉ. અરૂણ પંડ્યાના સફળ માર્ગદર્શન તથા અભ્યાસ મુલાકાતનાં ઇન્ચાર્જ અધ્યાપકો શ્રી નવીનકુમાર રોહિત, ડૉ. બહાદુરસિંહ વસાવા, શ્રીમતી પ્રિયંકા પરમાર અને વિદ્યાર્થીઓના ટીમવર્કથી કરવામાં આવ્યું હતું.

## Department of Statistics

### Training Program on 'Analysis of Outliers'







On August 23, 2024, the Department of Statistics organized an enriching training session on "Analysis of Outliers" as part of its Alumni Activity. This session was an exceptional opportunity for current students to learn from the expertise of Ms. Smita Shah, a Certified Data Scientist and a distinguished alumna from the M.Sc. (Statistics) program, Class of 1982.

Ms. Shah, a veteran in the field of data science, brought a wealth of knowledge to the session. She covered a broad spectrum of topics related to outlier analysis, which is crucial for statistical accuracy and the integrity of data analysis. Her lecture began with the visual identification of outliers, a fundamental skill in data science that involves spotting anomalies in datasets through graphical representations.

The session then delved into various applications of outliers, highlighting how these statistical anomalies can significantly impact fields ranging from finance to healthcare. Ms. Shah introduced several detection techniques, providing students with the tools necessary to identify and handle outliers effectively. She also explored the differences between supervised and unsupervised detection methods, offering insights into when each approach is most applicable.

One of the key topics discussed was the distinction between thresholds and outliers. Ms. Shah explained how setting appropriate thresholds is vital to correctly identifying outliers without misclassifying normal data points. She also introduced the concept of the Local Outlier Factor, a method used to evaluate the degree to which a data point is an outlier relative to its neighbours, which is particularly useful in high-dimensional datasets.

The session included a practical case study, allowing students to apply the concepts they learned to real-world scenarios. This hands-on approach was particularly appreciated by the participants, who found it valuable in understanding the practical implications of theoretical knowledge.

The training was attended by 84 students from the M.Sc. (Statistics) and M.Sc. (Applied Statistics) programs, all of whom benefited greatly from Ms. Shah's expertise. The students were highly engaged and actively participated in the discussions, making the session interactive and impactful.

The Department of Statistics extends its sincere gratitude to Ms. Smita Shah for her invaluable contributions to the students' learning and development. Her willingness to share her time and knowledge is deeply appreciated and has left a lasting impression on the students.

The success of this event would not have been possible without the encouragement and support of our honourable Vice-Chancellor, Dr. K. N. Chavda. His inspiration was instrumental in the organization of this program. We are also thankful to our Registrar, Dr. R. C. Gadhvi, for granting permission to hold this event. Their unwavering support underscores the importance of academic enrichment and professional development for our students. The Department looks forward to organizing more such insightful sessions in the future, continuing to foster a strong connection between alumni and current students.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### 'નવસર્જન આંતર કૉલેજ મહેંદી સ્પર્ધા'નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, સુરતમાં તા. ૨૨/૦૮/૨૦૨૪ને શુક્રવારના રોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'નવસર્જન આંતર કૉલેજ મહેંદી સ્પર્ધા''નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપૂર શાહે પ્રાર્થનાથી કરી હતી. ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા આવકાર અને સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. નેહાબેન ઉપાધ્યાય દ્વારા પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન અને સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ તથા પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર દ્વારા નિર્ણાયકોનો પરિચય આપવામાં આવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજોની ૩૨ વિદ્યાર્થીનીઓ અને ૧ વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમક્રમે જે.ઝેડ.શાહ. આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની એમ.કોમ.ની વિદ્યાર્થીની કુ. ભૂમિકા રમેશભાઈ ગોહિલ, દ્વિતિય ક્રમે જે.બી.ધારૂકાવાલા કૉલેજની વિદ્યાર્થીની કુ. મિત્તલ ગોસ્વામી અને કુ.નિરાલી વરસાણી તેમજ તૃતીય ક્રમે કુ. નિરાલી ઘાસકતા અને કુ. કોમલ પ્રજાપતિ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ ભૂમિબેન વસાણી અને શ્રીમતી રિધ્ધીબેન ગાંગાણી હાજર રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. ખુશી જ્ઞાનચંદાની અને કુ. હસ્તી જાની તેમજ આભારવિધિ પ્રા. રોહિતભાઈ ચૌહાણે કરી હતી.

### 'ધૂમકેતુ આંતર કૉલેજ વાર્તાલેખન સ્પર્ધા'નું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૦૫/૦૮/૨૦૨૪ના રોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'ધૂમકેતુ આંતર કૉલેજ વાર્તાલેખન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. દ્રષ્ટિ પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. વિજયભાઈ ચૌધરી દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા નિર્ણાયકોનો પરિચય આપવામાં આવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજોના ૧૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. મયુરભાઈ પાંડવ અને આભારવિધિ પ્રા. ભૂમિબેન મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.



### સ્વ. જે.બી.શાહ પુરસ્કૃત 'પ્રિયદર્શિની' આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ,અમરોલીમાં તા.૭/૮/૨૦૨૪ને બુધવારના રોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'સ્વ. જે.બી.શાહ પુરસ્કૃત ''પ્રિયદર્શિની'' આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. નુપૂર શાહએ પ્રાર્થનાથી કરી હતી. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. ભરતભાઈ પટેલ દ્વારા મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય અને પ્રા. ડૉ. બળવંતભાઈ ઢીમ્મર દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. દક્ષિણ ગુજરાત વિસ્તારની જુદી જુદી કૉલેજોના ૨૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. સોનલબેન પાંડે, દ્વિતિય ક્રમે રોફેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ કૉલેજની વિદ્યાર્થીની કુ. મહેક ભટ્ટ અને શ્રી જે.બી.ધારૂકાવાલા મહિલા આટ્ર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ.

દ્રષ્ટિ દેસાઈ તેમજ તૃતિય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની રેનસી સિસોટીયા અને ટી. એન્ડ ટી.વી. ઇન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ કૉલેજની વિદ્યાર્થીની કુ. ચેલ્સી પરમાર વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી આશાબેન પારેખ અને શ્રી સંજયભાઈ બોસમીયા હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. રોહિતભાઈ ચૌહાણ અને આભારવિધિ પ્રા. રાજભાઈ ડુમસીયા દ્વારા કરવામાં આવી હતી.

## 'સ્વ. ડૉ. રમાબેન એચ. પટેલ મેમોરિયલ મહર્ષિ અત્રિ આંતર વર્ગીય સંસ્કૃત "શ્લોક" પઠન સ્પર્ધા' નું આયોજન




જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૦૮/૦૮/૨૦૨૪ને ગુરુવારના રોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ "સ્વ. ડૉ. રમાબેન એચ. પટેલ મેમોરિયલ મહર્ષિ અત્રિ આંતર વર્ગીય સંસ્કૃત 'શ્લોક' પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ-ઓર્ડિનેટર પ્રા. નરેન્દ્રભાઈ બારિયાસાહેબ દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. કૉલેજના ૮ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહ, દ્વિતીય ક્રમે એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. સારિકા મિશ્રા અને ટી.વાય.બી.એની વિદ્યાર્થીની કુ. નેહા ચુમાંકિયા તેમજ તૃતિય ક્રમે ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. જેની પ્રજાપતિ અને ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ. મહેંદી મિશ્રા વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા અને આભારવિધિ પ્રા. સંદીપ કલસારીયા દ્વારા કરવામાં આવી હતી.

## 'મહાત્મા ગાંધી' આંતર વર્ગીય કિવઝ સ્પર્ધાનું આયોજન




તા. ૧૦/૦૮/૨૦૨૪ને શનિવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'મહાત્મા ગાંધી' આંતર વર્ગીય કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ-ઓર્ડિનેટર પ્રા. ડૉ. સેજલબેન દેસાઈએ સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ આનંદ-ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. કૉલેજના ૧૫ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે એસ.વાય. બી.કોમ.નો વિદ્યાર્થી વ્રજ સાવલિયા અને ટી.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. જૈનીકા હડિયા, દ્વિતીય ક્રમે એમ.એ.ની. વિદ્યાર્થીની કુ.કાજલ ધોળકિયા અને એસ.વાય. બી.કોમની વિદ્યાર્થીની કુ. વસુધા જોષી તેમજ તૃતિય ક્રમે ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. અમી ભાદરકા અને ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. દિશા નાયકા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. સેજલબેન દેસાઈએ સેવા આપી હતી. સ્પર્ધાનું સંચાલન પ્રા.ડૉ. મનિષભાઈ ટેલર અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા તેમજ આભારવિધિ પ્રા. રોહિતભાઈ ચૌહાણે કરી હતી.

## સ્વ. રમાબેન એચ. પટેલ મેમોરિયલ મહર્ષિ અત્રિ આંતર કૉલેજ સંસ્કૃત 'શ્લોક' પઠન સ્પર્ધાનું આયોજન




તા. ૧૪/૦૮/૨૦૨૪ને બુધવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'સ્વ. ડૉ. રમાબેન એચ. પટેલ મેમોરિયલ મહર્ષિ અત્રિ આંતર કૉલેજ સંસ્કૃત 'શ્લોક' પઠન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ-ઓર્ડિનેટર પ્રા. નરેન્દ્રભાઈ બારિયાએ નિર્ણાયકોનો પરિચય અને પ્રા. સંદીપભાઈ કલસરિયા દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજના ૧૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે શ્રી ધારુકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. માધવી એન. ગોસ્વામી, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. નુપુર શાહ અને ત્રીજા ક્રમે મહાવીર વિદ્યામંદિર બી.ઍડ

કૉલેજની વિદ્યાર્થીની કુ. અમિ પી.કાકડીયા અને જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીની વિદ્યાર્થીની કુ. જાન્વી એચ. ચૌહાણ તેમજ જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની અને શ્રી ધારુકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ રનીંગ શીલ્ડ તરીકે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. મહેન્દ્રભાઈ ત્રિવેદી અને મનિષાબેન પટેલ હાજર રહ્યા હતા.

## ૭૮મો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અને ધ્વજવંદન કાર્યક્રમ







જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના પટાંગણમાં તા. ૧૫મી ઓગષ્ટ, ૨૦૨૪ને ગુરુવાર રોજ 'આઝાદી કા અમૃત મહોત્સવ' અને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ૭૮માં સ્વાતંત્રતા દિન નિમિત્તે સવારે ૯:૦૦ કલાકે અમરોલી કૉલેજના આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના નેતૃત્વ અને પ્રા. ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પૂર્વ ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ અને જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન કાર્યક્રમને ઓનલાઈન રાખી Microsoft Team, Zoom, YouTube, Twitter, Facebook અને Instagramના માધ્યમથી વિદ્યાર્થી અને જાહેર જનતા સુધી લાઈવ પ્રસારણ દ્વારા ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખૂબ મોટી સંખ્યામાં જાહેર જનતા લાઈવ કાર્યક્રમમાં ઓનલાઈન જોડાઈ ધ્વજવંદન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પૂર્વ ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ મંત્રીશ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ શાહ, સભ્યશ્રી ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી, ડૉ. લક્ષ્મણભાઈ પટેલ, શ્રી સ્નેહલભાઈ શાહ, એસ.પી.બી. સ્કુલના ઇ.ચા.આચાર્ય શ્રી કેયુરભાઈ, સંકુલના શૈક્ષણિક, વહીવટી સ્ટાફ સભ્યો સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે NCC CTO પ્રા.ડૉ. સોનલબેન જરીવાલા અને SUO આયુષાકુમારી કાકડીયા, JUO નેહાકુમારી કાચરિયા અને રીયા કુમારી પંચાલની રાહબરી હેઠળ એન.સી.સી.ની વિદ્યાર્થીનીઓએ ભવ્ય પરેડ કરી હતી. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત સાર્વજનિક સોસાયટીના પૂર્વ ચેરમેન આદરણીયશ્રી રાજેશભાઈ દેસાઈએ રાષ્ટ્રના વિકાસમાં યુવા શકિતની ભૂમિકા વિશે, દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોને યાદ કર્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહે પ્રસંગોચિત ઉદ્દબોધન કરી યુવા વિદ્યાર્થીઓને જીવન જીવવાનો સાચો રાહ બતાવ્યો હતો. સ્કૂલ અને કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત ગીત અને ડાન્સ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં બી.એ, બી.કોમ, બી.સી.એ, એમ.એ, એમ.કોમ, બી.સી.એ. કૉલેજના તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલય અભ્યાસ કેન્દ્રના, સ્પોર્ટ્સના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતે આભારવિધિ ડૉ. રુસ્તમ એન. સદરીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, પ્રા. નિહારીકાબેન જોષી, પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા અને NCC CTO પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે સુંદર સહકાર આપ્યો હતો. અંતે IQAC કૉ–ઓર્ડિનેટર ડૉ. સોનલબેન દેસાઈએ હાજર રહેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે મિટિંગ કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ હતી.

## શ્રી આનંદશંકર ધ્રુવ આંતર વર્ગીય પુસ્તકસમીક્ષા સ્પર્ધાનું આયોજન




તા. ૧૬/૦૮/૨૦૨૪ને શુક્રવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ શ્રી આનંદશંકર ધ્રુવ આંતર વર્ગીય પુસ્તક સમીક્ષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. કનુભાઈ પટેલએ સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. કિષ્ના પીપલિયા, દ્વિતીય ક્રમે ટી.વાય.બી.કોમનો વિદ્યાર્થી શ્રી પિયુષ શર્મા અને

ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. ભૂમિકા યાદવ તેમજ ત્રીજા ક્રમે એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. ખુશી જ્ઞાનચંદાની વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. ડૉ. પરેશભાઈ રબારી દ્વારા અને આભારવિધિ પ્રા. સુરભીબેન કાછીયા દ્વારા કરવામાં આવી હતી.

## હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા વિતરણનું આયોજન



તા. ૧૪/૦૮/૨૦૨૪ને બુધવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના નેતૃત્વ અને પ્રા.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર યુવા અને રમતગમત મંત્રાલયશ્રીનું અભિયાન 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત કૉલેજના NSSના સ્વયંસેવકો અને સેવિકાઓએ કૉલેજ આસપાસની સોસાયટી અને દુકાનોમાં જઈને તિરંગાનું વિતરણ કરી તેને ઘર ઉપર લહેરાવી તે તિરંગા સાથે સેલ્ફી લઈને https://harghartiranga.com/ પર ફોટોસ અપલોડ કરવા જણાવ્યું હતું. NSS પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા અને જેમાં મોટી સંખ્યામાં NSSના સ્વયંસેવિકાઓ અને સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

## સ્વ. પ્રિ.જે.બી.શાહ પુરસ્કૃત ચં.ચી.મહેતા આંતર વર્ગીય એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન




તા. ૨૦/૮/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ સ્વ. પ્રિ.જે.બી.શાહ પુરસ્કૃત ચં.ચી. મહેતા આંતર વર્ગીય એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. નેહાબેન ઉપાધ્યાયે સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપવામાં આવી હતી. કૉલેજના ૧૬ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેનું પરિણામ પછીથી જાહેર કરવામાં આવશે. સ્પર્ધાનું સંચાલન પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર અને પ્રા. રાજભાઈ ડુમસિયા દ્વારા અને આભારવિધિ પ્રા. નિર્મિતાબેન ભાદાણી દ્વારા કરવામાં આવી હતી.

## વિશ્વપર્યાવરણ દિન નિમિત્તે 'एक पेड़ माँ के नाम' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા. ૧૭ ઓગસ્ટ ૨૦૨૪ને શનિવારના રોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના નેતૃત્વ અને ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ NSS વિભાગ દ્વારા આપણી પૃથ્વી માતાને વધુ સારી અને હરિયાળી બનાવવા માટે ઓછામાં ઓછું એક વૃક્ષ આપણી માતાને સમર્પિત કરીએ એવા ઉમદા હેતુથી ભારતના યશસ્વી વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા વિશ્વપર્યાવરણ દિન નિમિત્તે "एक पेड़ माँ के नाम" અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનના ભાગ રૂપે કૉલેજની આસપાસનાં વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા.જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા ઉપસ્થિત રહ્યા હતા.

## રામવન ટ્રસ્ટ પુરસ્કૃત 'પ્રકૃતિ સંવર્ધન' આંતર કૉલેજ પર્યાવરણ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન



તા. ૨૧–૦૮–૨૦૨૪ને બુધવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ રામવન ટ્રસ્ટ પુરસ્કૃત 'પ્રકૃતિ સંવર્ધન' આંતર કૉલેજ પર્યાવરણ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. નૂપુર શાહે પ્રાથનાર્થી કરી હતી. ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રા. સંદીપભાઈ કલસરિયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ અને નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજોના ૧૯ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખોલવડનો વિદ્યાર્થી શ્રી નકુંમ ગૌતમ, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. પુનમ કનોજીયા, ત્રીજા ક્રમે વી.ટી.ચોકસી કૉલેજનો વિદ્યાર્થીશ્રી વિરલ પરમાર અને કે.પી.કોમર્સ કૉલેજનો વિદ્યાર્થી મો. તુફેલ શેખ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી મનિષાબેન પટેલ અને શ્રી પ્રશાંતભાઈ રાણા હાજર રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. ખુશી જ્ઞાનચંદાની અને કુ. હસ્તી જાની અને આભારવિધિ સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. ભરતભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## 'ઇ–વેસ્ટ અવેરનેસ સેમિનાર'નું આયોજન



તા. ૨૨/૦૮/૨૦૨૪ને ગુરુવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'ઇ વેસ્ટ અવેરનેસ સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. મનિષા સાફીએ પ્રાર્થનાથી કરી હતી. ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનશ્રીઓનું સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું. આદરણીય લાયનશ્રી પ્રણવભાઈ મહેતાએ સેમિનાર વિશે સમજ અને પરિચય આપ્યો હતો તથા આદરણીય લાયનશ્રી પરેશભાઈ પટેલે પ્રસંગોચિત્ત ઉદબોધન અને લાયન્સ કલબની પ્રવૃત્તિથી માહિતગાર કર્યા હતા. ત્યારબાદ લાયનેસ પ્રિયંકાબેન રાવલ કે જેઓ અમરોલી કૉલેજનાં જ પૂર્વ વિદ્યાર્થીની કે તેમણે વિદ્યાર્થીઓને 'સ્વચ્છ ભારત' પ્રત્યે માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વકતા Akkrishyam Recyclersના ફાઉન્ડરશ્રી હાર્દિક ગૌરવે E-Waste વૈજ્ઞાનિક ઢબે અને તેનો નિકાલ કરવાની રીતોથી માહિતગાર કર્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. લાયન કલબના સભ્યો શ્રી નરેશભાઈ પારેખ, શ્રી હિરનભાઈ વ્યાસ, શ્રી ઉમેશભાઈ પારેખ પણ હાજર રહ્યાં હતા. સેમિનારનું સંચાલન અને આભારવિધિ સેમિનારના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## આંતર કૉલેજ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં કૉલેજની વિદ્યાર્થીનીઓ વિજેતા બની




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીનીઓ સરકારી સાયન્સ કૉલેજ, વરાછા, સુરત દ્વારા આયોજિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે આંતર કૉલેજ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશીપ (બહેનો) ૨૦૨૪–૨૫ સ્પર્ધામાં ચમક્યાં હતા. તા. ૨૧/૮/૨૦૨૪ના રોજ આંતર કૉલેજ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશીપ (બહેનો) ૨૦૨૪–૨૫ સ્પર્ધામાં બી.કોમ. સેમેસ્ટર–૫ની વિદ્યાર્થીની કુ. માનસી સિંઘે ગોલ્ડ મેડલ, એમ.કોમ. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીની કુ. ભાર્ગવી ચિત્રોડાએ ગોલ્ડ મેડલ, બી.કોમ. સેમેસ્ટર–૫ની વિદ્યાર્થીની કુ. મધુ મિશ્રાએ સિલ્વર મેડલ, બી.કોમ. સેમેસ્ટર–૫ની વિદ્યાર્થીની કુ.ઝીલ પટેલે સિલ્વર મેડલ, બી.એ. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીની કુ. આકાંક્ષા વિશ્વકર્માએ સિલ્વર મેડલ અને બી.કોમ. સેમેસ્ટર–૫ની વિદ્યાર્થીની કુ. સોનલ શુકલાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા. આ રીતે આંતર કૉલેજ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશીપ (બહેનો) ૨૦૨૪–૨૫માં ૨ ગોલ્ડ મેડલ, ૩ સિલ્વર મેડલ અને ૧ બ્રોન્ઝ મેડલ જીત્યા અને ચેમ્પિયન બની. સ્પર્ધાના વિજેતાઓને જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી, આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી આનંદશંકર ધ્રુવ આંતર કૉલેજ પુસ્તકસમીક્ષા સ્પર્ધાનું આયોજન

તા. ૨૩/૮/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના

માર્ગદર્શન હેઠળ 'શ્રી આનંદશંકર ધ્રુવ આંતર કૉલેજ પુસ્તકસમીક્ષા સ્પધા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. કનુભાઈ પટેલે નિર્ણાયકોનો પરિચય અને પ્રા. સુરભીબેન કાછીયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજોના ૧૫ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. કિષ્ના પીપલિયા, દ્વિતીય ક્રમે જે.બી.ધારૂકાવાલા કૉલેજની વિદ્યાર્થીની કુ. દ્રષ્ટી દેસાઈ તેમજ ત્રીજા ક્રમે સી.કે.પીઠાવાલા કૉલેજની વિદ્યાર્થીની કુ. જાનવી શાહ અને જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનો વિદ્યાર્થીશ્રી પિયુષ શર્મા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી આશાબેન પારેખ અને શ્રી મોહમદ જાવેદભાઈ કરોડિયા હાજર રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. ખુશી જ્ઞાનચંદાની અને કુ.હસ્તી જાની અને આભારવિધિ પ્રા. પરેશભાઈ રબારી દ્વારા કરવામાં આવી હતી.



## છ દિવસીય આર્ટ વર્કશોપનું આયોજન



તા. ૨૯/૦૭/૨૦૨૪ થી તા. ૦૩/૦૮/૨૦૨૪ દરમ્યાન જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં નેતૃત્વ અને ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ તથા IQACના કૉ–ઓર્ડિનેટરશ્રી પ્રા.ડૉ. સેજલબેન દેસાઈના અધ્યક્ષપણા હેઠળ પીડીલાઈટ આર્ટ સંસ્થા દ્વારા ૬ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કલા જેમ કે કચ્છી વર્ક, જવેલરી મેકિંગ, લીંપણ આર્ટ, મીનાકારી આર્ટ, પીછવાઈ વર્ક વિદ્યાર્થીઓને શીખવવામાં આવી હતી. વર્કશોપમાં કુલ ૪૦ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ કૃતિના નમૂનાઓ પણ તૈયાર કર્યા હતા. વર્કશોપનો ઉદેશ વિદ્યાર્થીનીઓમાં કલા–કૌશલ્યનો વિકાસ થાય તથા આત્મનિર્ભર બની શકે. સમગ્ર વર્કશોપનું સંચાલન ડૉ. ઝંખનબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## 'વિમેન એમ્પાવરમેન્ટ સેલ'નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં નેતૃત્વ અને ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ તા. ૨૩/૦૮/૨૦૨૪ના રોજ 'વિમેન એમ્પાવરમેન્ટ સેલ' અંતર્ગત એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં શ્રી પુનિત સિંઘ, 'Young India'ના કૉ–ચેરમેન, ડૉ. ઈશિતા શાહ 'Young India'ના હેલ્થ ચેરમેન (M. D. Chest Physician), ડૉ. પાર્થવી પટેલ (M.D. Gynecologist), પ્રો. બેલા શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તથા દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. વિમેન એમ્પાવરમેન્ટ સેલના કૉ–ઓર્ડિનેટર તથા ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ઋજુતાબેન ગાંધીએ પ્રાસ્તાવિક સંબોધન આપ્યું હતું. 'Young India'ના ચેરમેન શ્રી પુનિત સિંઘલે 'Young India' વિશેની તથા તેમની કામગીરી વિશેની રસપ્રદ માહિતી પૂરી પાડી ડૉ. ઈશિતા શાહ દ્વારા માસિક સંબંધિત માહિતી આપી હતી. ડૉ. પાર્થવી પટેલે Menstrual Hygiene and Cervical Cancer Vaccination વિશે ઊંડાણપૂર્વક વિદ્યાર્થીનીઓએ મૂંઝવતા વિવિધ પ્રશ્નો પણ નિરાકરણ કર્યુ હતું.

સેમિનારમાં લગભગ ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મહેમાનોનો પરિચય પ્રા. નેહાબેન ઉપાધ્યાય દ્વારા, આભારવિધિ પ્રો. નિહારિકાબેન જોષી દ્વારા તથા ડૉ. ઝંખનાબેન પરમાર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. પ્રા. રાજભાઈ ડુમસિયા, પ્રા. રોહિતભાઈ ચૌહાણ, પ્રા સંદિપભાઈ કલસરિયા તથા પ્રા. હાર્દિકભાઈ શેલડીયા દ્વારા ટેકનીકલ સપોર્ટ તથા આયોજન કરવામાં સહભાગી થયા હતા.

## સ્વ.પ્રિ.જે.બી.શાહ પુરસ્કૃત ચં.ચી.મહેતા આંતર કૉલેજ એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન



તા. ૨૭/૦૮/૨૦૨૪ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ સ્વ.પ્રિ.જે.બી.શાહ પુરસ્કૃત ચં. ચી.મહેતા આંતર કૉલેજ એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એસ.વાય. બી.કોમની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. સ્પર્ધાના કૉ-ઓર્ડિનેટર પ્રા. નેહાબેન ઉપાધ્યાયએ શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કર્યુ હતું. સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ અને નિર્ણાયકોનો પરિચય પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે આપ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

જુદી જુદી કૉલેજોના ૧૧ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનો વિદ્યાર્થી અક્ષર બ્રહ્મભટ્ટ, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ વુમન્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. ભકિત ગોંડલિયા, અને જે.ડી.ઇન્સ્ટીટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, સુરતનો વિદ્યાર્થી ધવલ યામ્કૂ અને ત્રીજા ક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આંકડાશાસ્ત્ર વિભાગનો વિદ્યાર્થી પ્રિન્સ પટેલ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતી સપનાબેન શેઠ અને શ્રી નિશાંત દેસાઈ હાજર રહ્યા હતા.

## 'મેઘધનુષ' આંતર કૉલેજ રંગોળી સ્પર્ધાનું આયોજન



તા. ૩૧/૮/૨૦૨૪ને શનિવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'મેઘધનુષ' આંતર કૉલેજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નૂપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈ દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ-ઓર્ડિનેટર પ્રા. બિંદુબેન ઠાકોરે સ્પર્ધકોને સ્પર્ધા વિશે સમજ અને પ્રા. નિહારીકાબેન જોષીએ નિર્ણાયકોનો પરિચય અને સ્પર્ધાના નિયમો વિશે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ- ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

જુદી જુદી કૉલેજના ૧૭ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે શ્રી જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. મિતલ ગોસ્વામી, દ્વિતીય ક્રમે શ્રી જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજની કુ.નેન્સી મોરડિયા અને જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થી કુ. માનસી કટુડિયા તેમજ ત્રીજા ક્રમે પ્રો.વી.બી.શાહ.ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ બી.બી.એ. અમરોલી કૉલેજ સુરતનો વિદ્યાર્થીશ્રી ધ્રુવ દેસાઈ અને જે.ડી.ઇન્સ્ટીટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, સુરતનો વિદ્યાર્થી શ્રી રોહન પ્રજાપતિ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જીજ્ઞાબેન દેસાઈ અને શ્રી પાયલબેન વાડદોરિયા હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન તેમજ આભારવિધિ પ્રા. શિવાની રાજપૂત દ્વારા કરવામાં આવી હતી.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### બ્રાન્ડ મેનિયા પ્રતિયોગિતાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમરોલીમાં બીઝનેસ એન્ડ બ્રાન્ડ મેનિયા પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના બુદ્ધિ ક્ષમતાનો આગવો પરિચય આપ્યો હતો. જેમાં ૩ રાઉન્ડ પાસ કર્યા બાદ પ્રથમ ક્રમ FYBBA અમિત મહતો અને લક્ષ ડાભેલિયા, દ્વિતીય ક્રમ FYBBA ઋષિલ વિરાણી અને ક્રિશ સાવલિયા તથા તૃતીય ક્રમ FYBBA રાહુલ માંગુકિયા અને

આર્યન ગાજીપરાને પ્રાપ્ત થયો હતો. સ્પર્ધાનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી તથા બીબીએ કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા અને ડૉ. નિલેશ પટેલના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાનું સંચાલન કલ્ચરલ કમિટીના સદસ્ય પ્રો. શ્વેતા રજપૂત અને ઓર્ગેનાઇઝર કમિટી દ્વારા રવામાં આવ્યું હતું.

## નેઈલ આર્ટ સ્પર્ધાનું આયોજન




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ. કૉલેજ ઓફ કોમર્સ, અમરોલીમાં સંસ્કૃતિક પ્રવૃત્તિનાં ભાગરૂપે તા. ૦૧/૦૮/૨૦૨૪નાં રોજ 'નેઈલ આર્ટ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજની ૨૧ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક શ્રી નિધિ જરીવાલા હાજર રહ્યા હતા. નેઈલ આર્ટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે–કાસોદરિયા જાનવી, દ્વિતીય ક્રમે પટેલ મેશ્વા અને તૃતીય ક્રમે વસવડા પીનલ વિજેતા તરીકે જાહેર થયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટિફિકેટ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી અને બી.કોમ. કો–ઓર્ડિનેટર પ્રા. ભરત બસરાનીના નેતૃત્વ હેઠળ ડૉ. હેમાદ્રી ટીકાવાલા અને પ્રા. જ્યોતિકા ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો રાષ્ટ્રીય સેવા યોજના (NSS) આરિએન્ટેશન (Orientation) પ્રોગ્રામનું આયોજન

પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ તથા સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો એન.એસ.એસ. ઓરિએન્ટેશન (Orientation) પ્રોગ્રામ તા.૦૧/૦૮/૨૦૨૪ને ગુરુવારના રોજ આયોજિત થયો હતો. એન.એસ.એસ. ઓરિએન્ટેશન (Orientation) પ્રોગ્રામના અતિથિ વિશેષ તરીકે પ્રોફેસર વિજયભાઈ ચૌધરી, NSS ઓફિસર જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલી, દ્વારા NSSનું મહત્વ–ફાયદા વિશે વિસ્તૃત સમજ આપી. પ્રથમ વર્ષના કુલ ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વિદ્યાર્થીઓમાંથી ૨ (બે) સ્વયંસેવકભાઈ અને બહેનને NSS સ્કાફ પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને NSSમાં જોડવાના હેતુસર આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. જ્યોતિકા ટેલર અને ડૉ. પ્રદીપ કુમાર લેનકા દ્વારા કરવામાં આવ્યું.






## સુમુલ ડેરી, પારડીની મુલાકાત લીધી



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમરોલી દ્વારા ૨ દિવસ તા. ૬ અને ૭ ઓગષ્ટના રોજ ઇન્ડસ્ટ્રી વિઝિટનું આયોજન સુમુલ ડેરી, પારડી ખાતે કરવામાં આવ્યું હતું. કુલ ૩૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આયોજનમાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ દિવસે ૧૭૦ અને બીજા દિવસે ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ કંપનીની વિવિધ પ્રોડકટ અને મશીનરીનું સૂક્ષ્મતા પૂર્વક નિરીક્ષણ કર્યું હતું. આ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશગોયાણી અને બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર સ્વાતિ મહેતા અને ડૉ. નિલેશ પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૦૬/૦૮/૨૦૨૪ના રોજ પ્રો.

સાયેબ જિંદાણી પ્રો. શ્વેતા રાજપૂત, પ્રો. આગમ શેઠ, તથા તા. ૦૭/૦૮/૨૦૨૪ના રોજ પ્રો. રાકેશ પટેલ, ડૉ. તન્વી ભાલાળા તેમજ પ્રો. રવિના સતાસિયા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## દેશભક્તિ ગીત સ્પર્ધા



આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સમાં તા. ૯/૮/૨૦૨૪નાં રોજ દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ મેળવનાર બે વિદ્યાર્થીઓ રિદ્ધિ પરમાર અને સંજય પુરોહિત દ્વિતીય ક્રમ મિત વાંકડિયા અને તૃતીય ક્રમ રાજ વાલાણીએ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક શ્રી મનીષાબેન રવિકાંત શુકલા રહ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન અને સંચાલન કૉલેજની સાંસ્કૃતિક સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનું આયોજન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. મુકેશ ગોયાણી અને બી.કોમ. કૉ–ઓર્ડિનેટર પ્રા. ભરત બસરાનીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

## Poster Making અને Drawing Competition સ્પર્ધા યોજાઈ



અમરોલી SFI કૉલેજમાં, એન્ટી રેગીંગ સપ્તાહની ઉજવણી અંતર્ગત તા. ૧૩/૮/૨૦૨૪નાં રોજ Poster Making અને Drawing Competitionનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. Drawing Competition (B.Com) માં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીની કસોદરિયા જાનવી, દ્વિતીય ક્રમ દાવરા ક્રિનલ અને Poster Making Competition (B.Com.) માં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થી ચુડાસમા રાહુલ, દ્વિતીય ક્રમ ડોંડા ઇશાએ પ્રાપ્ત કર્યો હતો. Drawing Competition (BBA) પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીની અગ્રવાલ ભૂમિ જ્યારે દ્વિતીય ક્રમ બલર પ્રીત અને ડોબરીયા નિધિએ પ્રાપ્ત કર્યો હતો. Drawing Competition (B.C.A) પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીની દોમડીયા ધ્રુવી, દ્વિતીય ક્રમ પાનસુરીયા લીઝા અને Poster Making Competition (B.C.A)માં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીનીઓમાં સાવલિયા હીર અને સાકરીયા હિમાંશી એ મેળવ્યો હતો. જ્યારે દ્વિતીય ક્રમ નંદવાના નિમિશાએ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક શ્રી દિવ્યાબેન ગોહિલ રહ્યા હતા. સ્પર્ધાનું આયોજન અને સંચાલન સંસ્કૃતિક કમિટિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનું આયોજન પ્રિન્સિપલ ડૉ. મુકેશ ગોયાણીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

## ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ઉજવણી






જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ ખાતે તા. ૧૫/૮/૨૦૨૪નાં રોજ સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શ્રી મનસુખભાઈ નારિયા જેઓ એ.વી.પટેલ શાળાનાં પૂર્વ પ્રિન્સિપલ હતા. તેમજ જીવનજ્યોત માનદમંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદમંત્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ માલવાડાવાળા, સભ્યશ્રી સ્નેહલભાઈ શાહ, તેમજ કૉલેજના આચાર્ય, કૉલેજનો ટીચિંગ સ્ટાફ તથા કૉલેજનો નોન–ટીચિંગ સ્ટાફ હાજર રહ્યા હતા. એન.સી.સી.ની વિદ્યાર્થીઓએ પરેડ કરી મહેમાનોને ધ્વજ વંદન માટે આમંત્રીત કર્યા હતા. એન.સી.સી.ની વિદ્યાર્થીઓને સિટીઓ અનિલા પિલ્લાઈના નેતૃત્વ હેઠળ રેન્ક એનાયત કરવામાં આવેલ હતા. સ્વતંત્રતા પર્વ નિમિત્તે મહેમાનોએ પ્રસંગોચીત

ઉદબોધન આપ્યું હતું. શ્રી મનસુખભાઈ નારિયા સાહેબ દ્વારા ધ્વજરોહણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ એંકર તરીકે કૉલેજના સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેંકા તેમજ સમગ્ર સ્ટાફગણના સહકારથી સફળતાપૂર્વક સ્વતંત્ર દિવસની ઉજવણી કરી શકાય. અંતે આમંત્રીત મહેમાનોનો, તેમજ હાજર તમામ સ્ટાફ, તેમજ હાજર તમામ વિદ્યાર્થીઓનો આભારમાની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## Rakhi Making સ્પર્ધાની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા.૧૭/૮/૨૦૨૪ના રોજ Rakhi Making સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના ૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની કલાનું અદભુત પ્રદર્શન કર્યુ હતું. આર્ટ એન્ડ ક્રાફટ આર્ટિસ્ટ મિ. શિવાની ઠક્કરે સ્પર્ધાના નિર્ણાયક તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. નિર્ણાયક શ્રી દ્વારા સ્પર્ધાના વિજેતા તરીકે પ્રથમ ક્રમે સાવલિયા હીર TYBCA., દ્વિતીય ક્રમે શિરોયા ઉન્નતિ SYBCA, તૃતીય ક્રમે અકબરી હેત SYBCA Winter અને આશ્વાસન ઇનામ ભતાસના તુલસી TYBCA, દવે મમતા SYBCA Winter જાહેર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શક હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. રાગિણી પ્રસાદ, ટ્વિન્કલ પંચાલ, દમયંતી પટેલ, નેન્સી મોદી, વૈષ્ણવી ગોરખીયા અને પ્રિયંકા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## VNSGUમાં શ્રેષ્ઠ NSS કૉલેજથી સન્માનિત કરવામાં આવ્યું



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી કૉલેજને વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન કરવામાં આવેલ ખૂબ જ ઉલ્લેખનીય કાર્ય રાષ્ટ્રભકિત, સમાજ જાગરણ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા, બૌદ્ધિક, વાર્ષિક શિબિર અને મુખ્યત્વે યુવા જાગરણ જેવા વિશિષ્ટ કાર્યોને ધ્યાનમાં રાખીને સદર કૉલેજને માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા દ્વારા શ્રેષ્ઠ NSS કૉલેજ 'સન્માન પત્ર' આપવામાં આવેલ છે. આ પ્રશંસનીય કામ માટે જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. જ્યોતિકા ટેલર અને ડૉ. પ્રદીપકુમાર લેનકા ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## અમરોલી સેલ્ફ ફાઇનાન્સ કૉલેજનું ગૌરવ




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આંતર કૉલેજ પાવર લિફ્ટિંગ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૧/૦૮/૨૦૨૪ દરમ્યાન કરવામાં આવેલ હતું. ટુર્નામેન્ટ અંતર્ગત વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૨ કૉલેજમાંથી ૨૧ વિદ્યાર્થીનીઓ (ગર્લ્સ)એ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે વિશ્વવિદ્યાલયના પરીક્ષા નિયામકશ્રી અરવિંદ ધડુક હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાનાં અંતમાં વિદ્યાર્થીઓને (ગર્લ્સ) ચેમ્પિયન જેમાં T.Y.B.Com.ની વિદ્યાર્થીની સોનમ ડુબેએ વેઈટ લીફટીંગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે અને હવે તેઓ ઇન્ટર વિશ્વવિદ્યાલય ટૂર્નામેન્ટમાં વિશ્વવિદ્યાલય તરફથી ભાગ લેવાના છે. S.Y.B.Com.ની વિદ્યાર્થીની રાઠોડ સોની એસ. વેઈટ લીફટીંગમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. આ પ્રસંસનીય કામગીરી તથા કૉલેજનું ગૌરવ વધારવા બદલ જીવન જ્યોત ટ્રસ્ટનાં ટ્રસ્ટી, કૉલેજના સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેન્કા, આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, ડૉ. પ્રદીપકુમાર લેન્કા શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરફથી હાર્દિક ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## ઇનામ વિતરણ કાર્યક્રમ









જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી બી. કોમમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ કૉલેજ કેમ્પસમાં તા. ૨૧/૦૮/૨૦૨૪નાં રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય, પ્રાર્થના અને સ્વાગત નૃત્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન ચાવડા, મુખ્ય મહેમાન તરીકે ડૉ. પારૂલબેન વડગામા (EC સભ્ય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), માનવંતા મહેમાન તરીકે શ્રી દિલીપભાઈ પરમાર (આચાર્યશ્રી, 'સધ્યારો' અંગ્રેજી માધ્યમ હાઈસ્કુલ), ડૉ. રાજેશ રાણા (ઇ.ચા. આચાર્યશ્રી, જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કૉલેજ ઓફ કોમર્સ), પ્રિ ડૉ. કેયુરભાઈ શર્મા (એસ.પી.બી.સકુલ), શ્રીમતી અંજનીબેન જાની (આચાર્યશ્રી વીરમતીબેન ફકીરચંદ શાહ પ્રાયમરી શાળા) જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ શાહ તેમજ ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી અને કોસર્મના કૉ–ઓર્ડિનેટર પ્રો. ભરત બસરાની મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો.

ઇનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને પ્રિ.ડૉ.કે.એન. ચાવડા તેમજ ડૉ. પારૂલબેન વડગામાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ ૧૪૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તેમજ ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન કૉલેજના અધ્યાપક અને વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કોમર્સ કૉ–ઓર્ડિનેટર પ્રો. ભરત બસરાની, ડૉ. અનિલા પિલ્લાઈ અને પ્રો. જ્યોતિકા ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા સભાગારને જન્માષ્ટમી થીમ પર ખૂબ કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યો હતો.

## અંતાક્ષરી કોમ્પિટિશન યોજાઈ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં અંતાક્ષરી કોમ્પિટિશનનું ભવ્ય અને અત્યંત સુરમય સૂર્યોદય પ્રોગ્રામનું આયોજન તા. ૨૨/૦૮/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો ઉદ્દેશય વિદ્યાર્થીઓને તેમની ગાયકી કળાને વિકસાવવા અને પ્રદર્શિત કરવાની તક પૂરી પાડવાનો હતો. આ દિવ્ય સંગમમાં દર્શકોને ભક્તિ, લોક ગીત, બોલીવુડ સોંગનો અદ્ભૂત સમન્વય જોવા મળ્યો હતો. દરેક રજૂઆત એક અલગ જ કલાત્મક અનુભવ કરાવનાર હતી. કુલ ૨૦ ટીમના

૪૦ વિદ્યાર્થીઓએ પોતાની કલા, સુર અને તાલ સાથે સ્પર્ધામાં ભાગ લઈને મંચ ધ્રુજાવ્યું હતું. સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓની કળા, ટીમવર્ક અને કૌશલ્યને વિકસાવવાનો હતો. કાર્યક્રમના અંતે નિર્ણાયક શ્રી સાક્ષી રાઠોડએ પરિણામ જાહેર કર્યું હતું. સ્પર્ધાના પરિણામ સ્વરૂપે પ્રથમ ક્રમાંક ધ્રુવી દુધ્રેજીયા અને વંશિકા નકુમ, દ્વિતીય ક્રમાંક પાયલ સાઈની અને શિવાની કૌશલએ પ્રાપ્ત કર્યો હતો તથા મહેક ગોપાણી અને અર્મિશા કોઠારી તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી ટ્રોફીના હકદાર બન્યા હતા. અત્યંત સુરમય સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીનાં નેતૃત્વમાં અને બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા, ડૉ. નિલેશ પટેલના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

## જન્માષ્ટમીનો પ્રોગ્રામ યોજાયો

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સમાં તા. ૨૩/૦૮/૨૦૨૪નાં રોજ જન્માષ્ટમી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ કૃષ્ણ જીવનના ચારિત્ર્યની ઝાંખી નાટક સ્વરૂપે પ્રસ્તુત કરી ઉત્સાહભેર ભાગ લઈને જન્માષ્ટમી ઉત્સવને ઉજવ્યો હતો. આ જન્માષ્ટમી ઉત્સવમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફે પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી તથા કોમર્સના કૉ–ઓર્ડિનેટર પ્રાધ્યાપક ભરત બસરાનીનાં માર્ગદર્શન હેઠળ થયું. ઉત્સવનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીનાં નેતૃત્વમાં અને સફળ સંચાલન ડૉ. હેમાદ્રી ટીકાવાલા અને પ્રા. જ્યોતિકા ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું.





## જન્માષ્ટમીનો પ્રોગ્રામ યોજાયો



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સમાં તા. ૨૪/૦૮/૨૦૨૪નાં રોજ જન્માષ્ટમી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ કૃષ્ણ જીવનના ચારિત્ર્યની ઝાંખી નાટક સ્વરૂપે પ્રસ્તુત કરી ઉત્સાહભેર ભાગ લઈને જન્માષ્ટમી ઉત્સવને ઉજવ્યો હતો. આ જન્માષ્ટમી ઉત્સવમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફે પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી તથા બી.બી.એ.ના કૉ–ઓર્ડિનેટર પ્રાધ્યાપક સ્વાતી મહેતા અને નીલેશ પટેલનાં માર્ગદર્શન હેઠળ થયું. ઉત્સવનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીનાં નેતૃત્વમાં અને સફળ સંચાલન ટી.વાય. બી.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઇન્ટર કૉલેજ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સમાં તા. ૨૮/૦૮/૨૦૨૪નાં રોજ ઇન્ટર કૉલેજ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારંભમાં અતિથિ વિશેષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, શ્રી કેયુર શર્મા, એસ.પી.બી.હાઇસ્કૂલ, અમરોલી

કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, ચેરમેન ઓફ ધ ટુર્નામેન્ટ ડૉ. સ્વાતી મહેતા તેમજ ડૉ. પ્રદિપકુમાર લેન્કા વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજના સ્પોર્ટસ ટીચર હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. ટુર્નામેન્ટમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૪ કૉલેજના ૧૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. પ્રદિપકુમાર લેન્કા દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

### ઇનામ વિતરણ કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી બી.બી.એ.માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ તા. ૩૦/૮/૨૦૨૪નાં રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય, પ્રાર્થના અને સ્વાગત નૃત્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાનોશ્રી તરીકે પદ્મશ્રી યઝદી કરંજિયા તેમજ પ્રો. ડૉ. મનિષ વી સિધપુરિયા (Professor & Head, DBIM, VNSGU), જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ વી. શાહ, શ્રી ભાનુભાઈ એન. શાહ, શ્રી અશ્વિનભાઈ આર. પટેલ, શ્રી ગૌરાંગભાઈ આર. દેસાઈ, ડૉ. મહેન્દ્રભાઈ એન. સોલંકી, શ્રી સ્નેહલભાઈ શાહ, અમરોલી ગ્રાન્ટ-ઇન-એડ કૉલેજનાં ઇ.ચા. આચાર્ય ડૉ. સેજલબેન દેસાઈ, છાપરાભાઠા કેમ્પસ શાળાનાં આચાર્યશ્રી દિલીપભાઈ પટેલ અને અંજલીબેન જાની હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી અને બી.બી.એ.નાં કૉ-ઓર્ડિનેટર મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો. ઇનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને પદ્મશ્રી યઝદી કરંજિયા તેમજ ડૉ. મનીષ વી. સીધપુરિયાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ ૧૦૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ, તેમજ ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન કૉલેજના અધ્યાપકગણ, વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર.ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.બી.એ.નાં કૉ-ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા, ડૉ. નીલેશ પટેલ અને પ્રા. સોયેબ મેમન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નીલેશ પટેલે કરી હતી.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### એક પેડ માઁ કે નામ કાર્યક્રમ



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજમાં NSS યુનિટ દ્વારા તા. ૬/૮/૨૦૨૪ના રોજ 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી વર્ષા બી.રાણા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પુજા વાઘેલા, ગ્રંથપાલ રતુભાઈ પટેલ, NCCના એ.એન.ઓ ડૉ. સોનલ વસાવા, પ્રા. હર્મિતસીંગ સરદાર અને એન.એસ.એસ.ના સ્વયંસેવકો અને સેવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ તમામે કૉલેજના પટાંગણમાં અને તેની આજુ-બાજુની જગ્યાઓમાં વિવિધ પર્યાવરણને ઉપયોગી એવા વૃક્ષોનું રોપણ કર્યું હતું. કાર્યક્રમના અંતે તમામ સ્વયંસેવકોએ પર્યાવરણની જાળવણી અને વૃક્ષોના સાર સંભાળના શપથ લીધા હતા.

### એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ




બીલીમોરા કેળવણી મંડળ સંચાલિત, એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના NSS યુનિટ દ્વારા તા.૯/૮/૨૦૨૪ શુક્રવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાવા માંગતા એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે Orientation Programનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે અમારી ભગિની સંસ્થાના નિવૃત પ્રાધ્યાપક અનુભવી પ્રોગ્રામ ઓફિસર એવા શ્રી રંજનબેન રાઠોડે NSSના પોતાના અનુભવ દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજનાનો ઉદ્ભવ, ધ્યેય, લક્ષાંકો, તે હાંસલ કરવા માટે જરૂરી કામગીરી અને તે દ્વારા વિદ્યાર્થીનું ઘડતર, તેમને થતાં સ્પર્ધાત્મક લાભો વગેરે અંગે પ્રેરણાદાયક વકતવ્ય આપી

પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના ઇ.ચા. આચાર્ય શ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાવેશ પચ્ચીગરે કર્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રોગ્રામ ઓફિસર શ્રી પૂજાબેન વાઘેલા દ્વારા આભારવિધિ કરાઈ હતી. તેમજ એન.એસ.એસ. ગીત તેમજ રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનો સમાપન થયું હતું.

## આંતરવર્ગીય દેશભક્તિ ગીત સ્પર્ધા



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કૉલેજ બીલીમોરામાં ઇ.ચા.આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ NSS યુનિટ દ્વારા તા. ૧૪/૮/૨૦૨૪ બુધવારના રોજ આંતરવર્ગીય દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ ગીતો રજૂ કર્યા હતા જેથી અધ્યાપકગણ અને હાજર એવા તમામ વિદ્યાર્થીઓ દેશભક્તિના રંગે રંગાયા હતાં. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકેની જવાબદારી પ્રા. દીપિકા લાડ અને પ્રા. અંજલી પટેલે નિભાવી હતી. પ્રથમ ક્રમે યશ્વી એન. પટેલ એફ.વાય.બી.કોમ., દ્વિતીય ક્રમે ટીસા એ. ગરાણીયા એસ.વાય.બી.કોમ. તેમજ તૃતીય ક્રમે દીપિકા ડી. મિશ્રા ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. પૂજા વાઘેલા અને પ્રા. ડૉ. ભાવેશ પચ્ચીગર દ્વારા કરાયું હતું. સમગ્ર કૉલેજ પરિવારે સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## 'રાખી મેકિંગ સ્પર્ધા'નું આયોજન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત અત્રેની કૉલેજમાં 'રાખી મેકિંગ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સુંદર આકર્ષક રાખડી બનાવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. પાયલબેન કેવતે કર્યું હતું તથા નિર્ણાયક તરીકે પ્રા. પ્રિયાબેન ટંડેલ અને પ્રા. હરમિતસિંગ સરદારે સેવા આપી હતી. આ સ્પર્ધામાં ઠાકોર ગીતાંજલી એફ.વાય. બી.કોમ પ્રથમ ક્રમે, પટેલ ખુશ્બુ એફ.વાય.બી.કોમ. બીજા ક્રમે અને પટેલ ધવલ એફ.વાય.બી.કોમ. ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના તમામ સભ્યોએ ફાળો આપ્યો હતો.




## મને ગમતું પુસ્તક વાર્તાલાપ




એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે 'મને ગમતું પુસ્તક વાર્તાલાપ' યોજવામાં આવ્યો હતો. નોલેજ સોસાયટીના યુગમાં પુસ્તકો આપણા સાચા રાહબર બની શકે છે. જ્ઞાન મેળવવું એ આત્માની ભૂખ છે. આ ભૂખ વાંચનથી સંતોષાય છે. વાંચન માનવીને કેળવે છે, ઘડે છે તથા માનવીની વિચાર ક્ષિતિજોને વિસ્તારે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કૉલેજના ઇ.ચા. આચાર્ય શ્રીમતી વર્ષાબેન બી. રાણાએ પ્રસંગોચિત પ્રવચન કરી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.

## કરીઅર ડેવલોપમેન્ટ અંગે સેમિનાર



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા ઉદિશા કલબ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે કરીઅર ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં Edwise Counselling તરફથી વકતાશ્રી રાધિકા ગોએન્કા અને માર્કેટિંગના હેડ હેનીલ પટેલ હાજર રહ્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓને વિદેશમાં ચાલતા હાયર એજ્યુકેશન માટે કોર્સની માહિતી આપી હતી, તેની સાથે તેના માટે એજ્યુકેશન કવોલિફિકેશન, ભંડોળ, વિવિધ સ્કોલરશીપ, વિઝા પ્રોસેસ વગેરે વિશે માહિતી આપી હતી. કાર્યક્રમના આયોજનમાં ઇ.ચા.આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન અને દોરવણી મળી રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રા. પૂજાબેન વાઘેલાએ કર્યુ હતું. કાર્યક્રમ દરમિયાન કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યોનો સહકાર મળી રહ્યો.

## મહાજન અનાથ બાળશ્રમ કોમર્સ કૉલેજ, કતારગામ.

### રીલ મેકિંગ સ્પર્ધાનું આયોજન



મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ. કૉલેજમાં રીલ ફેસ્ટ સ્પર્ધાનું આયોજન તા. ૦૭/૦૮/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતુ. જેમાં કુલ ૨૦ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને જુદી જુદી થીમ આપવામાં આવી હતી. જેમ કે, મારી કૉલેજ, રમુન વિડીયો અને ધિસ ઓર ધેટ. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી આશિષ સોલંકી(પ્રોફેશન ફોટોગ્રાફર)ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના વિજેતા તરીકે પ્રથમ ક્રમાંકે એસ.વાય.બી.કોમ., બીજા ક્રમાંકે એફ.વાય.બી.સી.એ., અને ત્રીજા ક્રમાંકે એફ.વાય.બી.બી.એ.ની ટીમ વિજેતા જાહેર થયા હતા. તેમને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ અને કૉલેજ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

### જન્માષ્ટમી પર્વની ઉજવણી

મહાજન અનાથ બાલાશ્રમ કતારગામ સંચાલીત MBA કૉલેજમાં જન્માષ્ટમીના પર્વ નિમિત્તે મટકી ડેકોરેશન સ્પર્ધા તેમજ મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મટકી ડેકોરેશન સ્પર્ધામાં ૨૦થી વધુ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં પ્રથમ ક્રમાંકે એફ.વાય.બી.બી.એ., બીજા ક્રમાંકે એફ.વાય.બી.સી.એ. અને ત્રીજા ક્રમાંકે એસ.વાય. બી.કોમના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. તેઓને ૨ (બે) આશ્વાસન ઇનામ પણ આપવામાં આવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતી મણીબેન સોલંકી ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમમાં 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી'ના નાદ સાથે ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજના અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.



### શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ

મહાજન અનાથ બાલાશ્રમ ટ્રસ્ટ સંચાલિત એમ.એ.બી. કૉલેજ ઓફ કોમર્સ, એમ.એ.બી. કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન અને એમ.એ.બી. કૉલેજ ઓફ મેનેજમેન્ટ કતારગામમાં બી.કોમ.માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ કૉલેજ કેમ્પસમાં તા. ૨૩/૦૮/૨૦૨૪નાં રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય, પ્રાર્થના અને સ્વાગત નૃત્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી અને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા (વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), મહાજન અનાથ બાલાશ્રમ ટ્રસ્ટના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ કતારગામ, ઉપપ્રમુખ જાસ્મિન બેન મહેતા, મંત્રીશ્રી જયંતીભાઈ લાપસીવાલા તથા મંત્રીશ્રી અશ્વિનભાઈ આર. પટેલ, ટ્રસ્ટીશ્રી સ્નેહાબેન જરીવાલા અને શ્રી ભુપેન્દ્રભાઈ હળવાવાલા તથા ડૉ. મુકેશ ગોયાણી (અમરોલી કૉલેજ આચાર્ય) હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રા. વિરલ પટેલે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઇનામ વિતરણ કાર્યક્રમ ઉપલક્ષે ડૉ. કે.એન.ચાવડા તેમજ મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ ૭૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ, તેમજ ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન કૉલેજના અધ્યાપકગણ, વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમનું સંચાલન કૉલેજના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. વિરલ પટેલે કરી હતી. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યો હતો.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### સેમિનાર





તા. ૨૨/૮/૨૦૨૪ના રોજ નવયુગ કોમર્સ કૉલેજના આચાર્ય ડૉ. વિનોદભાઈ એન. પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Just Abroad (Atmiya Educaion)ના પ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અંગેની વિવિધ તકો અંગેની ઊંડાણપૂર્વકની સમજ આપવામાં આવી હતી. વિદેશ અભ્યાસ માટે વિવિધ દેશમાં કરવી પડતી પ્રક્રિયાની પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### એન.એસ.એસ. ઓરિએન્ટેશન કાર્યક્રમ




નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ દ્વારા વર્ષ: ૨૦૨૪–૨૫ માટે NSSના વિદ્યાર્થીઓ માટે ઓરીએંટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલ NSS અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ડૉ. બિંદુબેન શાહે એન.એસ.એસના મહત્વ વિશે તેમજ તે વિદ્યાર્થીઓના અંગત જીવનમાં કેવી રીતે ઉપયોગી નીવડી શકે તેની સુંદર માહિતી આપી હતી. અધ્યાપક ડૉ. બ્રિજેશ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને આખા વર્ષ દરમ્યાન થતી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા દ્વારા તેમજ આભારવિધિ ડૉ. રૂપેશ દવે દ્વારા કરવામાં આવી હતી.

### સમગ્ર ભારતમાં સૌપ્રથમવાર નવયુગ કોમર્સ કૉલેજને Diploma Course in Published Diamond Assortment કોર્સની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા માન્યતા



સુરત શહેર એ હીરા અને ટેક્સ્ટાઈલની નગરી છે. સુરત શહેરમાં રહેનાર મોટા ભાગનો વર્ગ હીરાના વ્યવસાય સાથે અથવા તો હીરાની નોકરી સાથે જોડાયેલ છે. સમયની માંગ અને ઉદ્યોગની જરૂરિયાત પ્રમાણે નીત નવા કોર્સ તૈયાર કરવા અને સમાજને અર્પણ કરવા માટે નવી શિક્ષણનીતિમાં ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે.

હીરા સાથે સંકળાયેલ વ્યવસાયમાં વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર માન્યતા પ્રાપ્ત વિશ્વવિદ્યાલયના ડિપ્લોમાના સર્ટિફિકેટ આપી શકાય તે હેતુથી નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને Diploma Course in Published Diamond Assortment કોર્સની મંજૂરી માટે અરજી કરવામાં આવેલ હતી. વિશ્વવિદ્યાલય દ્વારા તેની તપાસ સમિતિની અને અન્ય જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવયુગ કોમર્સ કૉલેજને ડિપ્લોમાં કોર્સની મંજૂરી આપવામાં આવેલ છે. આ માટે નવયુગ કોમર્સ કૉલેજે અરિહંત ડાયમંડ ઇન્સ્ટિટ્યૂટ, સુરત સાથે એમ.ઓ.યુ. કરેલ છે.

કોર્સની મંજૂરી વિશ્વવિદ્યાલય મુકામેથી મળી રહે તે માટે આ ડિપ્લોમાં કોર્સના કૉ–ઓર્ડિનેટર તરીકે નવયુગ કોમર્સ કૉલેજના અધ્યાપકશ્રી ડૉ. બ્રિજેશ એસ. પટેલ તેમજ ડૉ. મેહુલ બી. શાહ દ્વારા પૂરતી કાળજી અને જહેમત ઉઠાવવામાં આવી હતી. આ કોર્સ અંગેની મંજૂરી મળતા સમગ્ર નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ અને નવયુગ કોમર્સ કૉલેજ પરિવાર આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

## T. & T. V. Institute of Nursing, Surat.

### Breastfeeding Week Celebration: Day-1: Drama Performance

Breastfeeding Week 2024 was celebrated by the T & T. V. Institute of Nursing from the 1st to the 7th of August, 2024. The event was organized under the guidance of Mr. Kiran Domadia, Principal of T & T. V. Institute of Nursing, and Mr. Jimmy James Mogaria, Vice-Principal of the institute. The event was coordinated by Ms. Sonal Vaghela, Ms. Vilas Ahir, and Ms. Disha Shah. The First day of the Breastfeeding Week celebration commenced with a drama on Dt. 1st August, 2024 at Multipurpose Hall, Diamond Hospital, Surat .

The celebration commenced with a drama performance by 5th-semester B.Sc. Nursing students on the topic of breastfeeding positions and techniques. The drama highlighted the consequences of improper breastfeeding techniques on child health. A total of 13 students participated in the drama, effectively conveying the importance of correct breastfeeding practices to the audience. 45 antenatal mothers attended the session. The session received support from the hospital administration, including Dr. Haresh Paghada, Administrator, and Mrs. Geeta Solanki, Nursing Superintendent.



### Day-2: Lactating Diet Preparation Competition

On the second day of the Breastfeeding Week celebration, a competition on lactating diet preparation was organized on Dt. 2nd August, 2024 at T & T. V. Institute of Nursing The competition focused on creating nutritious and affordable meals that meet the daily dietary requirements of lactating mothers. A total of 10 students participated, including students from the 5th semester of B.Sc. Nursing, 3rd year of GNM, and 4th year of B.Sc. Nursing. The dishes were prepared in the nutrition lab, showcasing the students' understanding of dietary needs and creativity in meal preparation.

The event was inaugurated with a warm welcome to the chief guest, Mr. Iqbal Kadiwala, Vice-President of the Gujarat Nursing Council. After the preparation of dishes, the evaluation was conducted by Dr. Sandhya Chhhasathiya, M.D.D.G.O. at Sandhya Hospital and Maternity Care, Surat, and Ms. Swati Jain, Chief Dietician at Venus Hospital. The dishes were judged based on taste, nutritional value, presentation, and affordability for all women.



### Day-3: Panel Discussion

The third day of the Breastfeeding Week celebration featured a panel discussion organized at the on Dt. 3rd August at T & T. V. Institute of Nursing. The event began with a warm welcome to the distinguished guests, followed by a series of discussions and expert talks on various aspects of breastfeeding. As a chief Guest Mr. Iqbal Kadiwala, Vice-President of the Gujarat Nursing Council, Mr. Naresh Bariya, Mr. Anal C. Merchant, Jt. Hon. Secretary of Ashaktashram Trust, Dr. Ankit Desai, Chief Hospital Administrator, Venus Hospital and Ms. Swati Jain, Chief Dietician, Venus Hospital was present in event.

The session commenced with a traditional lamp-lighting ceremony, followed by a welcome speech by Mr. Kiran Domadia, Principal of T & T. V. Institute of Nursing. Mr. Iqbal Kadiwala then delivered an inspiring speech on the importance of breastfeeding and the significance of organ donation. Dr. Ankit Desai awarded certificates to the students who participated in the panel discussion. The event concluded with a vote of thanks, acknowledging the efforts of all participants, organizers, and guests.



## Day-4: Breastfeeding Exhibition

On the fourth day of the Breastfeeding Week celebration, an exhibition on breastfeeding was held on Dt. 4th August, 2024 at Diamond Hospital. The exhibition aimed to educate and empower antenatal women with essential knowledge about breastfeeding. Students from the 5th semester B.Sc. Nursing, 3rd year GNM, and 4th year B.Sc. Nursing took part in the exhibition. A total of 50 antenatal women attended the exhibition. During the exhibition, students actively engaged with the attendees, addressing their queries and providing guidance on how to effectively implement the breastfeeding strategies discussed.



## Day-5: Health Education Session

On the fifth day of the Breastfeeding Week celebration, a health education session on breastfeeding was held on 5th August, 2024 at Diamond Hospital, Surat. The session aimed to provide expectant mothers with crucial information and practical guidance on breastfeeding. 5th Semester B.Sc. Nursing students led the session. A total of 50 antenatal women attended the health education program. The session was conducted under the guidance of Ms. Sonal Vaghela. The health education session focused on several important aspects of breastfeeding, including Preparation of the mother for breastfeeding, Proper positioning for breastfeeding, Benefits of breastfeeding for both mother andbaby and The importance of burping the baby after breastfeeding



## Day-6: Inter College Quiz Competition

On the sixth day of the Breastfeeding Week celebration, an inter-college quiz competition was organized on Dt. 6th August, 2024 at New Civil Hospital, Surat. The event focused on testing and enhancing students' knowledge about breastfeeding, including addressing common myths. A total of 230 students from various colleges participated in the quiz competition. From T & T. V. Institute of Nursing, 35 students took part. The quiz competition was organized by Dr. Hirani. Expert talks were delivered by Dr. Ashwini and Dr. Pankaj, who discussed breastfeeding and debunked myths related to it. The competition was conducted using a Multiple Choice Question (MCQ) format. Divya Patel, a 4th-year B.Sc. Nursing student from T & T. V. Institute of Nursing, secured the second rank in the quiz competition.



## Day-7: Inter College Slogan Competition

On the final day of the Breastfeeding Week celebration, an inter-college slogan competition on breastfeeding was held on Dt. 7th August, 2024 at New Civil Hospital, Surat. The event encouraged students to creatively express the importance of breastfeeding through impactful slogans. From T & T. V. Institute of Nursing, 5 students participated, representing the 5th semester, 4th year B.Sc. Nursing, and 3rd year GNM. The participants from our institute performed exceptionally well, securing all top three positions:

Winner:

1st Rank Patel Dhruvi (4th year B.Sc. Nursing)
2nd Rank Patel Aditya (4th Year B.Sc. Nursing and
3rd Rank Maisuriya Krishna (5th Sem. B.Sc. Nursing).



સુરત, ૦૨/૦૮/૨૦૨૪ ના રોજ - ટી એન્ડ ટીવી ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ, સુરત દ્વારા વિશિષ્ટ સ્તનપાન પર ધ્યાન કેન્દ્રિત કરીને, નર્સિંગ વિદ્યાર્થીઓ, આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો અને સમુદાયના સભ્યોને શૈક્ષણિક અને જાગૃતિ પ્રવૃત્તિઓની એક અઠવાડિયા લાંબી શ્રેણીમાં એકસાથે લાવવા માટે એક વ્યાપક દ્વિ-સાપ્તાહિક ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### આઈ.ક્યૂ.એ. સેલ દ્વારા ત્રિવિધ સ્પર્ધાઓનું આયોજન





નવસારીની જ્ઞાનલય સમી ગાર્ડા કૉલેજમાં IQA Cell દ્વારા ઇન્ચાર્જ આચાર્યશ્રી અને IQA Cellના ચેરપર્સન ડૉ. ધર્મવીર એમ. ગુર્જરના અધ્યક્ષપણા હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૨૮/૦૮/૨૦૨૪ના રોજ ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે નવસારી હાઈસ્કૂલના આચાર્યશ્રી રાજેશભાઈ ટંડેલ અને અતિથિ વિશેષ તરીકે શેઠ આર. જે.જે.હાઈસ્કૂલ, નવસારીના આચાર્યશ્રી અમીષભાઈ મહેતા પધાર્યા હતા. સ્પર્ધાની શરૂઆત શિવાની પ્રજાપતિની માધુર્ય પ્રાર્થનાથી થઈ હતી. મહેમાનશ્રીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સ્પર્ધા ખુલ્લી મૂકવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ગૂર્જરે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, 'વ્યકિતના આદર્શ ગુણો શિસ્ત અને સભ્યતા, સમભાવના વ્યકિતને શ્રેષ્ઠ બનાવે છે. પુસ્તકોના વાંચનથી મનુષ્ય જીવનમાં સફળતાના શિખરો સર કરી શકે છે.' ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ.ગુર્જરના હસ્તે મુખ્ય મહેમાનશ્રી અને અતિથિ વિશેષશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષશ્રી અમીષભાઈ મહેતાએ વિદ્યાર્થીઓને જીવનમાં આદર્શ ગુણો અપનાવી સફળ બનવા અનુરોધ કર્યો હતો. મુખ્ય મહેમાનશ્રી રાજેષભાઈ ટંડેલે વિદ્યાર્થીઓને વકતૃત્વ, નિબંધ લેખન જેવી સ્પર્ધા દ્વારા પોતાની સ્કિલ વિકસાવવા જણાવ્યું હતું. ઉપાચાર્ય ડૉ. હિતેશભાઈ પટેલે સ્પર્ધાના નિયમોથી સ્પર્ધકોને માહિતગાર કર્યા હતા. આ સ્પર્ધામાં કુલ ૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમક્રમે બોડિયાત આસ્મા (મૌલાના અબ્દુલ કલામ આઝાદ હાઈસ્કુલ, વેસ્મા), બીજા ક્રમે શેખ ઝેબા (શેઠ આર. જે.જે.હાઈ સ્કૂલ, નવસારી) અને તૃતીય ક્રમે શેખ આલિયાબાનુ (નવસારી હાઈસ્કુલ) વિજેતા જાહેર થયા હતા. નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમે મોદી ઈશા (ડિવાઈન પબ્લિક સ્કૂલ, નવસારી), બીજા ક્રમે મિસ્ત્રી ખુશ્બુ (શેઠ આર. જે.જે. હાઈ સ્કૂલ, નવસારી) અને તૃતીય ક્રમે શર્મા ભાવના (નવસારી હાઈસ્કૂલ) વિજેતા જાહેર થયા હતા. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે કહાર મહેક (તાતા ગર્લ્સ હાઈસ્કૂલ, નવસારી), બીજા ક્રમે ચૌધરી રોશની (સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ હાઈસ્કૂલ, ઇટાળવા) અને તૃતીય ક્રમે પટેલ પાર્થ (નવસારી હાઈસ્કૂલ) વિજેતા જાહેર થયા હતા. તમામ વિજેતા વિદ્યાર્થીઓને રોકડ ઇનામ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કૉલેજના અધ્યાપકો ડૉ. આશા પટેલ, ડૉ. અશ્વિન શર્મા, શ્રી નિપુલ મિસ્ત્રી અને કુ. વૃષ્ટિ પટેલે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સ્પર્ધામાં ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક અને ડૉ.હિતેશ પટેલે ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ ડૉ. તેજસ આર. મિસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી. સ્પર્ધાની સફળતા બદલ ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ સમગ્ર આયોજક ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat.

### મેન્ડેલી સોફટવેર પર વર્કશોપનું સફળ આયોજન



અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લિશ મીડીયમ કોલેજ, વેસુ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ, લાયબ્રેરી સાયન્સ વિભાગના સંયુકત ઉપક્રમે મેન્ડેલી સોફટવેરના એક દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં રિર્સોસ પર્સન તરીકે ઇન્ચાર્જ પ્રિન્સીપાલ ડૉ. ગૌતમ દુઆએ મેન્ડેલી સોફટવેર અંગે જાણકારી અને તાલીમ આપી હતી. આ વર્કશોપમાં લાઈબ્રેરી સાયન્સના વિદ્યાર્થીઓ, પીએચ.ડી. સ્કોલર્સ તેમજ અન્ય એકેડમીશિયન્સએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી તાલીમ મેળવી હતી. આ ઉપરાંત માનનીય વકતાઓ, ડૉ. ગૌરાંગ રામી, ડૉ. મનીષ પટેલ અને ડૉ. યોગેશ વાંસીયાએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા હતા. આ કાર્યક્રમ કૉ–ઓર્ડિનેટર ડૉ. મનીષ પટેલ અને ડૉ. તૃપ્તિ વાંસીયાના સહકારથી સફળ રહ્યો હતો.

## Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College, Vyara.

### વ્યારાની આર્ટ્સ, કોમર્સ એન્ડ બી.સી.એ.કૉલેજમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

શ્રી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજ વ્યારા ખાતે પુસ્તક વિમોચન, તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો અને કૉલેજમાં આવેલા નવા અધ્યાપકોને આવકારવાનો ત્રિવિધ કાર્યક્રમ સંચાલક મંડળના પ્રમુખ અને સહકારી ક્ષેત્રના આગેવાન શ્રી હસુભાઈ ભકતના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ શબ્દોથી મહેમાનોનું સ્વાગત કરી કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓના સાથ સહકારથી પ્રતિવર્ષ કૉલેજ દ્વારા નવા નાવ કાર્યક્રમો સફળતા પૂર્વક કરવામાં આવી રહ્યા છે તેમ જણાવી સંચાલક મંડળ દ્વારા કૉલેજકક્ષાએ વિવિધ સુવિધાઓ અને સગવડતાઓ ઊભી કરી આપવામાં ખૂબ ઉત્સાહપૂર્વક દર્શાવવામાં આવે છે તે માટે મંડળનો આભાર માની કૉલેજ પરિવાર દ્વારા કૉલેજકક્ષાએ ચાલતી સંશોધન તથા સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિ બિરદાવી સર્વે પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

આ પ્રસંગે સંચાલક મંડળની ઉપસ્થિતિમાં મહેમાનના વરદ્હસ્તે કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. મેરૂભાઈ વાઢેળના 'ગુજરાતી સોનેટ' અને 'ગામીત જાતિના લોકગીતો' એમ બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. જે પૈકી 'ગુજરાતી સોનેટ' હાલમાં ગુજરાતી વિષયના અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી બની શકે એમ છે. આ પ્રસંગ્રે ડૉ. જીજ્ઞાબેન વ્યાસે આ બંને પુસ્તકો વિશે રસપ્રદ પરિચય આપ્યો હતો. આ બંને પુસ્તકના લેખક ડૉ. મેરૂભાઈ વઢેળે જીવનમાં પોતપોતાના વ્યવસાયમાં આગળ વધી સફળતા પ્રાપ્ત કરવા માટે ૧૦૦ ટકા કરતા બમણું કામ કરવામાં આવે તો એનો અવશય આનંદ, સંતોષ અને સફળતાના પ્રાપ્ત કરી શકાય છે. વિદ્યાર્થીઓએ પણ શરૂઆતથી જ પોતાનું ચોકકસ લક્ષ નક્કી કરવું જોઈએ તો જ ધારેલા પરિણામ સુધી પહોંચી શકાય છે એમ જણાવ્યું હતું. કૉલેજમાં ચાલુ વર્ષે હાજર થયેલા નવા અધ્યાપકોને પણ મહેમાનોના વરદહસ્તે પુષ્પગુચ્છ આપી આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. જીજ્ઞાબેન વ્યાસે પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે આચાર્યશ્રી, સમગ્ર કૉલેજ પરિવાર તથા સંચાલક મંડળે અમને કૉલેજમાં પોતાના પરીવારની જેમ સ્વીકારી અને સમાવી લીધા એટલું જ નહી અમને કોઈ જ મુશ્કેલી નહી પડે તેની ઝીણામાં ઝીણી કાળજી પણ રાખી. અમો આ સંસ્થાના ખૂબ ઋણી રહીશું એવી લાગણી વ્યકત કરી હતી.

આજના આ કાર્યક્રમ પ્રસંગે વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન વિશ્વવિદ્યાલયની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ છેલ્લા વર્ષની પરીક્ષામાં જે તે વિષયમાં સમગ્ર કૉલેજમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને કૉલેજના અધ્યાપકો દ્વારા એકત્રિત કરેલ અધ્યાપકનીધિ ફંડમાંથી મહેમાનોના વરદહસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી હસુભાઈ ભકતે કૉલેજનની પ્રગતિ અને સિધ્ધિઓને બિરદાવી વર્તમાન અધ્યાપકશ્રીઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલ ફંડમાંથી વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટેની જે શરૂઆત કરવામાં આવી છે તેને બિરદાવી કૉલેજને સુવિધાસભર બનાવવામાં જ્યારે પણ કોઈ પણ પ્રકારની જરૂરિયાત જણાશે ત્યારે સંચાલક મંડળ તમામ પ્રકારની મદદ કરશે એમ જણાવી પરીક્ષામાં વધુ ગુણ મેળવી કૉલેજને ગૌરવ અપાવનાર વિદ્યાર્થીઓ માટે મંડળ તરફથી પણ નગદ ઇનામની જાહેરાત કરી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને સંચાલક મંડળના ચેરમેનશ્રી નેવીલભાઈ જોખી તથા મંત્રીશ્રી મહેશભાઈ શાહે આ પ્રસંગે આનંદ અને સંતોષની લાગણી વ્યકત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.ડૉ. ધર્મેશભાઈ પંડયા અને પ્રા. ડૉ. જીજ્ઞા વ્યાસે કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ કૉલેજના ઉપાચાર્યશ્રી પ્રા.વસંતભાઈ ગામીતે કરી હતી.





## વિમલ ટોરમલ પોદ્દાર કોમર્સ કોલેજ, પાંડેસરા

### કલા ઇવેન્ટનું આયોજન





શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર કોમર્સ કોલેજ, પાંડેસરા ખાતે તા. ૩૧/૦૮/૨૦૨૪ના રોજ કલા ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા તેમજ નેલ આર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કૉલેજના પ્રધાનાચાર્ય પ્રા. અજય પાટીલ તેમજ નિર્ણાયક તરીકે પ્રા.નીતા ગોયાની, પ્રા. વૈશાલી સોઈન. પ્રા. રિયા સુખીયાજી તેમજ પ્રા. ભાવિની મહુવાગરા ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના પ્રધાનાચાર્ય તેમજ નિર્ણાયકોનું સ્વાગત કરી સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ સ્ત્રી સશકિતકરણ ભારતીય સંસ્કૃતિ વિજ્ઞાન જેવા વિષયો ઉપર તેમનું કૌશલ્ય વિવિધ કલા સ્વરૂપે રજૂ કરવામાં આવેલ હતું. અંતે વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી તેમજ સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. હેતલ મહુવાગરા અને પ્રા. મનીષા પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### 78th Independence Day Theme: Viksit Bharat




C. N. Kothari Homeopathic Medical College and Research Centre Vyara,Kalidas Hospital with Trustee Members, Teaching Staff, Non Teaching Staff, Hospital Staff and Student celebrated 78th Independence Day of India.

As a part of the campaign all students and staff were encouraged to hoist the tricolor at their home during 13th to 15th August 2024. On the day of Independence Day the flag was hoisted by the holy hands of the Mr. Rajendrabhai Kokje, store keeper of hospital. He paid tribute to freedom fighters in his speech. Dr. Bhavin Modi, academic head of college in his speech remembered the real heroes of the mother nation who performed their best in Paris Olympic 2024 and motivated sports persons of college going to participate in various athletic events organised by university. College student Miss. Jignyasa Ahire of 4th BHMS anchored the whole event. Miss. Dhruvi Rohit of 1st BHMS is escorted the chief guest to hoist the flag. After that Mr. Imran Pathan student of 4th BHMS delivered Shayari on Patriotism. All dispersed with sweets at the end of the event. The program was successfully completed by the joint efforts of Dr.Dhruni Gavli & her team under the guidance of Principal Dr. (Mrs) Jyoti R. Rao.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### ઉધના કૉલેજમાં દેશ ભકિત ગીત સ્પર્ધાનું આયોજન



ઉધના કૉલેજમાં ગીત સંગીત નૃત્ય ધારા કમિટિ હેઠળ દેશ ભકિત ગીત સ્પર્ધાનું આયોજન તા. ૧૪/૮/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ગોઢે ધીરજ SYBBA પ્રથમ, મિશ્રા સત્યમ TYBBA દ્વિતીય અને કુરેશિ અલતમાસ FYBCA તૃતીય વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું આયોજન ગીત સંગીત નૃત્ય ધારા સમિતિનાં અધ્યક્ષ ડૉ. કલ્પેશ કંસારા તથા આચાર્યશ્રી ડૉ. મેહુલ પી.દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### બિઝનેશ કિવઝ સ્પર્ધાનું આયોજન

ઉધના કૉલેજમાં જ્ઞાન ધારા કમિટિ હેઠળ બિઝનેશ કિવઝ સ્પર્ધાનું આયોજન તા. ૯/૭/૨૦૨૪નાં રોજ કરવામાં આવ્યું હતું. આ કિવઝમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બારોટ નેહા SYBCOM પ્રથમ, પ્રજાપતિ હરીકેશ FYBCA દ્વિતીય અને સોનવાણે દર્શના SYBBA તૃતીય વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું આયોજન જ્ઞાન ધારા સમિતિનાં અધ્યક્ષ ડૉ. સંજય પટેલ તથા આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-08-2024 to 31-08-2024

| Detail | Description | August-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 3171 | |
| | Internet Lab User | 19 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 2 | |
| | UG/PG Students | 331 | |
| | Research Scholars | 4 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 6 | |
| | Online User | - | |
| | Total | | 3533 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| August-2024 | 912 | 744 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August-2024 | 02 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August-2024 | 03 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August-2024 | 03 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, મધ્યસ્થ ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in